CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૫ ● અંક : ૨૨૨
તા.૧૮-૦૯-૨૦૧૯, બુધવાર
સંવત ૨૦૭૫ ભાદરવા વદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૧ સૂર્યાસ્ત : ૦૬:૪૧

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૨૯.૮ | વડોદરા | ૩૦.૪ |
| અમદાવાદ | ૨૮.૫ | સુરત | ૩૦.૦ |
| ગાંધીનગર | ૨૮.૪ | નલિયા | ૩૧.૬ |

ચાંદી : ૪૭,૦૦૦ સોનું : ૪૦,૦૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

# પારસ જેવાં નર્મદાનાં નીરથી માટી પણ સોનું બનશે : મોદી

## 'નમામિ દેવી નર્મદે' નીર વધામણા કાર્યક્રમમાં મોદી જોડાયા : પર્યાવરણના જતન સાથે વિકાસ શક્ય : કેવડિયા પર્યાવરણ અને ટેકનોલોજીના ઉપયોગનો સુગમ સમન્વય : નવી સરકાર વધારે ઝડપથી કામ કરશે : મોદી







નરેન્દ્ર મોદી કેવડિયા ખાતે મા નર્મદાનાં નીરને વધાવીને માતા હીરાબાને મળવા રાયસણ પહોંચ્યા

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાના જન્મદિવસે કેવડિયા ખાતે ઐતિહાસિક સપાટીએ પહોંચેલી નર્મદા નીરના વધામણા કર્યા હતા અને ભવ્ય ઉજવણીમાં જોડાયા હતા. મોદીએ નમામિ દેવી નર્મદે નીર ઉત્સવના યાદગાર બનાવી દીધો હતો. કેવડિયામાં જલસાગર અને જનસાગરનો અનોખો સંગમ આજે જોવા મળ્યો હતો. મોદીએ નર્મદા નીરના વધામણા કર્યા બાદ જાહેર સભાને સંબોધન કર્યું હતું જેમાં સરકારની વિકાસ કામગીરીની વાત કરી હતી. સાથે સાથે નવી સરકાર પહેલા કરતા વધુ ઝડપથી કામ કરશે તેવી ખાતરી પણ આપી હતી. કેવડિયા પર્યાવરણ અને ટેકનોલોજીના ઉપયોગનો સુગમ સમન્વય હોવાની વાત કરી હતી. પર્યાવરણના જતન સાથે પણ વિકાસ કરી શકાય છે તે બાબત આજે પુરવાર થઈ ગઈ છે. કેવડિયા ખાતે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ૭૦મા જન્મદિને નર્મદાના નીરના વધામણા કર્યા બાદ જાહેરસભાને સંબોધન કર્યું હતું. મોદીએ નમામિ દેવી નર્મદે અને કેમ છો ટીપીકલ ગુજરાતી તરી-કે સંબોધનથી જાહેરસભાની શરૂઆત કરી હતી અને આવજો કહીને પોતાનું સંબોધન પૂર્ણ કર્યું હતું. પીએમ મોદીએ વિશાળ જનસભાને સંબોધતાં જણાવ્યું હતું કે, આજે આ મંચ પર બેઠો હતો. થોડું મગજ મારું જૂના જમાનાની યાદોમાં જતુ રહ્યું હતું. મને મનમાં થતું હતું કે, આજે મારા હાથમાં કેમેરો હોત અને ઉપરથી દ્રશ્ય જોતો હતો કે, આજે કેવડિયામાં જલસાગર અને જનસાગરનું મિલન થયું છે. ફોટોગ્રાફી કરનારને આવું દ્રશ્ય બહુ ઓછું જોવા મળે છે. મારૂ સૌભાગ્ય છે કે, મા નર્મદાના દર્શન અને પૂજાનો અવસર મળ્યો છે. માં નર્મદાનું પાણી એ પારસ છે, જે પાણી માટીને અડે છે, ત્યારે તેને સોનુ બનાવી દે છે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, હું તમામ ગુજરાતીવાસીઓને નર્મદા ઉત્સવના આ પ્રસંગે હું શુભેચ્છા પાઠવું છું. દેશના ચાર રાજ્યોને જનતા અને ખેડૂતોને આ યોજનાનો લાભ મળી રહ્યો છે. કેવડિયામાં પ્રકૃતિ અને વિકાસનો અનુભવ થયો છે અને સરદાર પટેલની ભવ્ય પ્રતિમા અમને આશીર્વાદ આપતી નજર આવે છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, પહેલાં નર્મદા ડેમ ૧૨૨ મીટર ભરાયો હોય તેને મોટી સિદ્ધી મનાતી હતી. આજે ૧૩૮ મીટર ભરાવું મોટી સિદ્ધી છે. આજની સિદ્ધીએ પહોંચાડવા માટે સામાન્યમાં સામાન્ય માણસનું પણ યોગદાન રહ્યું છે. આ ઉપરાંત અનેક સંગઠનો અને સાધુ સંતોનું પણ યોગદાન રહ્યું છે. તળાવો, ઝીલો અને નદીઓ સાફ સફાઈનું કામ થઈ રહ્યું છે. આવનારા દિવસોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ થવાનું છે. આજની પ્રેરણા હેઠળ જળ જીવન મિશન આગળ વધવાનું છે. લોક ભાગીદારીના પ્રયોગો, લોકભાગીદારીથી જોડાયેલા કામોને આગળ વધારવાના છે, ગુજરાતના ગામેગામમાં જનભાગીદારીથી કામો થઈ રહ્યા છે. આજે કચ્છ અને સૌરાષ્ટ્રમાં મા નર્મદાની કૃપા થઈ રહી છે. પહેલાં સપ્તાહો સુધી પાણી મળતું ન હતું. ગોળીઓ પણ ચાલતી હતી. પાણીના રમખાણ થતા હતા. એક સમયે પાણી માટે ૧૦ કિલોમીટર સુધી ચાલતા જવું પડતું હતું અને પશુધન લઈને સેંકડો કિલોમીટર જવું પડતું હતું.

## વિચાર વૈભવ...

'તું મને સાચે જ ચાહે છે'
'હા'
'મારા માટે તું શું કરી શકે?'
'તું કહે તો આસમાનના તારા તોડી લાવું'
'આસમાનના તારા તોડીને લાવવાની જરૂર નથી'
'તો'
'આ સામે જે બગીચો છે ને'ત્યાંથી ગુલાબનું ફૂલ લઈ આવ' યુવતીએ યુવકને કહ્યું.
'એ શક્ય નથી'
' પણ કેમ'
'બગીચામાં માળી હાજર છે'
'તો શું થઈ ગયું?'
'એના હાથમાં દંડો છે!'
પ્રેમ હાથી કરતાં ય વધુ તાકાતવાન છે
જ્યારે વાસના તો
ખિસકોલી કરતાંય વધુ કાયર છે
અને કમાલની કરૂણતા આજના કાળે એ સર્જાઈ છે કે
ખિસકોલી પોતાના વાસનાના પાત્ર
સમક્ષ પોતે 'હાથી'હોવાની
ફિશિયારી મારી રહી છે.
યુવાનીમાં આંખને પેન પણ આકર્ષક
ગમતી હોય છે ત્યાં વિજાતીયનું શરીર પણ
આકર્ષક જ ગમતું હોય તો એમાંઆશ્ચર્ય નથી.
સમસ્યા એ છે કે પેનની આકર્ષકતા
ખતમ થઈ ગયા પછી ય એ ગમતી રહે એ
શક્યતા છે પણ શરીરની આકર્ષકતા
ખતમ થઈ ગયા પછી ય.!!!

- આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

## પીઓકે એક દિવસ ભારતનો હિસ્સો બનશે : જયશંકર

નવીદિલ્હી

વિદેશમંત્રી એસ જયશંકરે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને લઈને આજે મોટુ નિવેદન કર્યું હતું જેની ચર્ચા આગામી દિવસોમાં રહે તેમ માનવામાં આવે છે. જયશંકરે પોકને ભારતીય હિસ્સા તરીકે ગણાવીને નવી ચર્ચા જગાવી દીધી છે. જયશંકરે કહ્યું હતું કે, તેમને આશા છે કે, પોક એક દિવસ ભારતના ભૌગોલિક હિસ્સા તરીકે રહેશે. જ્યાં સુધી પડોશી દેશ આતંકવાદને પ્રોત્સાહન આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી તેની સાથે કોઈપણ પ્રકારની વાતચીત યોજવામાં આવશે. મોદી-૨ના ૧૦૦ દિવસ પુરા થવાના પ્રસંગે વિદેશ મંત્રાલયની મોટી સિદ્ધિઓની વાત કરતા જયશંકરે કહ્યું હતું કે, પાકિસ્તાન એક યુનિક આગળના પાનાનું ચાલુ)

પડકાર તરીકે છે. તેમણે ઉમેર્યું હતું કે, અમને એક પડોશી દેશ તરફથી વારંવાર પડકારો મળતા રહે છે. પાકિસ્તાન સાથે સંબંધો એ વખત સુધી સુધરશે નહીં જ્યાં સુધી એક સામાન્ય પડોશી દેશ તરીકે તે બની જતું નથી અને સરહદ પાર આતંકવાદ પર પ્રતિબંધ લાગૂ કરતો નથી. જયશંકરે કહ્યું હતું કે, પાકિસ્તાનની સાથે અમારા એક જ મુદ્દા પર સંબંધો રહેલા છે. પાકિસ્તાન આતં-કવાદીઓને સતત સમર્થન અને ટેકો આપે છે. પોતાની આ નીતિમાં ફેરફાર પાકિસ્તાન કરી રહ્યું નથી. પાકિસ્તાન ખુલ્લેઆમ પોતાના દેશમાં પડોશી દેશોની સામે આતંકવાદને પ્રોત્સાહન આપે છે જયાં સુધી આતંકવાદને ખતમ કરવાની વાત થશે નહીં ત્યાં સુધી તેની સાથે કોઈપણ પ્રકારની વાતચીત કરવામાં આવશે નહીં. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દૂર કરવાને એક આંતરિક મુદ્દા તરીકે ગણાવીને જયશંકરે કહ્યું હતું કે, પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને એક દિવસ ભારતના હિસ્સા તરીકે બનાવવામાં આવશે. અમને આશા છે કે, પોક ભારતનો હિસ્સો બની જશે.

## રાજ્યના પ્રત્યેક ઘર માટે આજનો દિવસ પ્રસંગ : રૂપાણી

### અગાઉ ૧૨૧ મીટરે ડેમ ભરાતો હતો : મુખ્યમંત્રી

અમદાવાદ

સરદાર સરોવર ડેમ જળાશય પૂર્ણ સપાટીએ પહોંચતા નર્મદા નીરના વધામણા, નમામિ દેવી નર્મદે, જળ ઉત્સવ આજે કેવડિયા ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીના સંબોધન પહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સંબોધન કર્યું હતું અને કહ્યું હતું કે, આજે વડાપ્રધાનના હસ્તે સરદાર સરોવર જળાશયની જળરાશિ પૂર્ણ સપાટીએ ભરતા નીર બહાવવાનો ઐતિહાસિક અવસર છે. ૧૯૪૬માં સરદાર પટેલે નર્મદા ડેમ નિર્માણનું સપનું સેવ્યું હતું અને આજે આપણા વડાપ્રધાને આ સપનું સાકાર કર્યું છે. વધામણાની સાથે સાથે તેમનો જન્મદિવસ હોઈ સોનામાં સુગંધ ભળ્યા જેવો અવસર છે. ગુજરાતના એક એક ઘર માટે અવસરનો પ્રસંગ આવ્યો છે. મા નર્મદા અને નર્મદા યોજના આપણી વચ્ચે સાત સાત દાયકાથી રાજ્યનો પ્રાણ રહ્યો છે.

## સાર સમાચાર...

### પેટ્રોલના ભાવમાં ૧૪ પૈસા અને ડિઝલમાં ૧૫ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી

સાઉદી અરબનાં તેલ પ્લાન્ટ પર તાજેતરમાં થયેલા ડ્રોન હુમલાને કારણે ક્રુડ ઓઈલ માર્કેટમાં મોટી ઉથલપાથલ જોવા મળી છે. આ દરમિયાન ભારત માટે માઠા સમાચાર મળી રહ્યા છે, કારણ કે અરામકો તેલ પ્લાન્ટ પર થયેલા હુમલાને કારણે ભારતમા પેટ્રોલ-ડિઝલનાં ભાવમાં પાંચ જુલાઈનાં સામાન્ય બજેટનાં દિવસ પછી સૌથી મોટો ભાવ વધારો જોવા મળ્યો છે. દિલ્હીમાં પેટ્રોલનાં ભાવ ૧૪ પૈસા વધીને ૭૨.૧૭ રૂપિયા પ્રતિ લીટર અને ડિઝલનાં ભાવ ૧૫ પૈસા વધીને ૬૫.૫૮ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયા છે. દેશની સરકારી તેલ કંપનીઓએ આ માહિતી આપી હતી. કેન્દ્રિય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં પેટ્રોલ-ડિઝલ પર એક્સાઈજ ડ્યુટી વધારી દીધી હતી. ત્યારબાદ તેનાં ભાવમાં અંદાજીત અઢી રૂપિયા પ્રતિ લીટરની વૃદ્ધિ કરવામાં આવી હતી.

## સુરતમાં એસબીઆઇ બેંકની બહાર ૨૦ લાખની લૂંટ

અમદાવાદ

સુરતના ચોકબજાર વિસ્તારમાં આવેલી એસબી આઈ બેંક બહાર રૂ.૨૦ લાખની લૂંટની ઘટના બનતા ભારે ચકચાર મચી જવા પામી છે. વિવિધ બેંકમાં રૂપિયા લાવવા લઈ જવાનું કામ કરતી કંપનીની વેનમાંથી ૨૦ લાખ રૂપિયા ભરેલી બેગની લૂંટ કરવામાં આવી હતી. રિક્ષામાં આવેલા અજાણ્યા શખ્સો લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

## રાજનાથ ૧૯મીએ તેજસમાં ઉડાન ભરવા સજ્જ

બેંગ્લોર

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે સ્વદેશી હળવા યુદ્ધવિમાનમાં ઉડાણ ભરનાર છે. રાજનાથસિંહ આ ઉડાણ ૧૯મી સપ્ટેમ્બરના દિવસે કર્ણાટકના પાટનગર બેંગ્લોરમાં ભરનાર છે. ગયા શુક્રવારના દિવસે તેજસે સફળરીતે ઉતરાણ કરવામાં સફળતા હાંસલ કરી હતી. આ ઉતરાણ દરમિયાન નીચેથી સ્થાપિત કરવામાં આવેલા તારની મદદથી વિમાનની ગતિ ઓછી કરવામાં આવે છે.

**૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?**
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુકાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

**Fino Payments Bank**
ફિનો પેમેન્ટ બેન્ક ડિસ્ટ્રીબ્યુટર શાખા
અમારી બેન્કની વિશેષ સુવિધાઓ :
★ બેંક ખાતુ ખોલવું, લોન સેવા ઉપલબ્ધ
★ મની ટ્રાન્સફર, રોકડ ઉપાડ તેમજ કોઈપણ બેંકનું બીલ ભુકતાન



॥ સ્થળ ॥
શિવ કપિલેશ્વર કોમ્પલેક્ષના મેડા ઉપર, ઢીમા રોડ, વાવ, મુ.પો.વાવ, પીન કોડ નં.૩૮૫૫૭૫
શિવરામ પરમાર મો.૭૫૬૭૬૧૦૮૧૨
રમેશ આસલ મો.૯૦૯૯૬૮૦૬૦૩
નોંધ : દરેક ગામોમાં બેંક મિત્રો રાખવાના હોઈ અમારી શાખાનો સંપર્ક કરો.

**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ**



સ્વ.ગમનભાઈ દાંનાભાઈ રબારી (પરમાર)
સ્વ.તા.૧૮/૦૯/૧૮

પળે પળે યાદ આવે છે તમારી,
નજરે તરે છે તસ્વીર તમારી,
અમોને સદા ખોટ રહેશે તમારી,
આંસુ જોઈ ભીંજાય છે આંખડી અમારી, પ્રભુ આપના
દિવ્યાત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના સહ...
'MISS U PAPA'
લિ.
પરમાર મફાભાઈ દાંનાભાઈ (ભાઈ)
પરમાર સતીષભાઈ ગમનભાઈ (પુત્ર)
પરમાર સાગરભાઈ ગમનભાઈ (પુત્ર)
(સ્પે. મિલ્ક ઓડીટ ઓફીસ મહેસાણા)
પરમાર મગનભાઈ કાળુભાઈ (ભાઈ)
પરમાર રાણાભાઈ વિહાભાઈ (ભાઈ)
પરમાર ઈશ્વરભાઈ ભીખાભાઈ (ભત્રીજા)
ફર્મ : શ્રી મોમાઈ ટ્રેડર્સ - ભીલડી
ઠે.સોયલા રોડ, ભીલડી, મો.૯૮૨૪૫૬૬૬૮૨
મુ.ઘરનાળ મોટી, તા.ડીસા, જી.બ.કાં.

**હાર્દિક અભિનંદન**



ડીસા શહેરના કર્મઠ, નિષ્ઠાવાન, ધગશશીલ, કાર્યદક્ષ તેમજ સહકારી આગેવાન શ્રી શૈલેષ વ્યાસની ડીસા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વરણીને અમો આવકારી છીએ અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. શૈલેષભાઇ રાજકીય ક્ષેત્રે ઉત્તરોતર પ્રગતિ કરે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ તેઓની રાજકીયક્ષેત્રે કારકીંદી વધુ ઉજ્જવળ બને તેવી શુભકામના પાઠવીએ છીએ

શૈલેષભાઇ વ્યાસ
પ્રમુખ, ડીસા શહેર કોંગ્રેસ
લિ.
ઘી ભોલેનાથ ક્રેડીટ કો.ઓ.સોસાયટી લી.
જોરાભાઈ લાલજીભાઈ જોષી - ચેરમેન
હીરાજી સ્વરૂપાજી બ્રાહ્મણ - વા.ચેરમેન
વાસુદેવ કાલીદાસ જોષી - ડીરેક્ટર
રમેશભાઈ શિવરામભાઇ જોષી - ડીરેક્ટર
મસરાજી ભગવાનાજી પુરોહીત - ડીરેક્ટર
નરેશકુમાર ગંગારામ જોષી - ડીરેક્ટર
મુકેશકુમાર ઉદાજી જોષી - ડીરેક્ટર
કનૈયાલાલ હરગોવનજી જોષી - ડીરેક્ટર
કીશોરકુમાર ગોકલભાઈ શર્મા - ડીરેક્ટર
રાણાજી મગાજી જોષી - ડીરેક્ટર
જગદીશકુમાર રેવાશંકર બોહરા - મેનેજર
પ્રવિણકુમાર નાથુસિંહજી દરબાર - કલાર્ક

CMYK

## સૂર્યોદય - ૬.૨૧ સૂર્યાસ્ત -૭.૪૧

### તિથિદર્શન

ભાદરવા વદ-૪બુધવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૧,નામ સંવત્સર :વિકારી નામ વીર જૈનસંવત ૨૫૪૫ ભાદરવા વદ: ચોથ બુધવાર નક્ષત્ર:અશ્વિની સવારે ૬.૪૫ પછી ભરણી યોગ: વ્યાઘાત કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

### ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**ચિંન્તનીયા હિં વિદદામાધવેવં પ્રતિક્રિયા**
**ન કૂપ ખનનં યુક્તં પ્રદીપ્તે વહન્યિ ગૃહે.**

આપત્તિ-મુશ્કેલી દુઃખો તકલીફો તો જીવનમાં અવારનવાર આવવાની જ છે, પરંતુ આવી આપત્તિઓનો ઉપાય બચાવની યુક્તિઓનું પ્રથમથી વિચાર અને આયોજન કરી રાખવું જોઈએ. આગ લાગે એ ઘર બળતું હોય ત્યારે કૂવો ક્યાં ખોદવો તેની જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ થાય એનો શું અર્થ ?!

વાવાઝોડાં-ચેપીરોગ-લઠ્ઠા પ્રકરણ-આતંકી હુમલા-બ્લાસ્ટ આ બધું થાય ત્યારે આપણી જાગૃત સરકારો સફાળી થઈ 'એલર્ટ' જાહેર કરી દે છે અને પાંચ-છ દિવસ પોલીસ તપાસ અને ચોકીદારીમાં જાગૃત થઈ જાય છે, રોગ ફેલાયો હોય તો ગામે-ગામદવા ગોળી અને દાક્તરોની ટોળી દોડધામ કરે છે. પાંચ દિવસમાં લોકોનું આરોગ્ય સ્વાસ્થ્ય પ્રદ જાહેર થાય છે. લઠ્ઠામાં મરી જનારના પરિવારોને મોઢે લાખ બે લાખનો ડૂચો મારી દે પણ દારૂની હેરાફેરી કોઈ અટકાવે નહીં. આતંકીઓ અહીં આવી મોબાઈલ મેળવી લે, મીટીંગો ભરે, રેકી કરે ત્યાં સુધી આપણે બગાસાં જ ખાદ્યા કરીએ બ્લાસ્ટ થયા પછી કોણે કર્યો અને વિરોધ નોંધાવી તપાસ સોંપી દીધી છે ના 'નગારાં' વાગે. કોઈ પણ બાબત-સમસ્યા-પ્રશ્નો માટે પૂર્વથી જ આયોજન વિચારણા કરી ઉપાય કરવો જોઈએ બધું ભસ્મીભૂત થાય પછી કુવો ક્યાં ખોદવો તેની વિચારણા ન થાય !)

### આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

***મેષ : (અ.લ.ઈ.)*** **નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું. દિવસ દરમિયાન આળસ અનુભવાય.**

***વૃષભ : (બ.વ.ઉ.)*** **નોકરી-ધંધામાં સાનુકૂળતા રહે. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.**

***મિથુન : (ક.છ.ઘ.)*** **પ્રવાસ-મુસાફરી થાય. શુભ સમાચાર મળે.**

***કર્ક : (ડ.હ.)*** **આર્થિક સુખમાં વધારો થાય. યશ, પ્રતિષ્ઠા વધે..**

***સિંહ : (મ.ટ.)*** **કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવે. આરોગ્ય અંગે સંભાળવું.**

***કન્યા : (પ.ઠ.ણ.)*** **મિલ્કતનો પ્રશ્ન ઉકેલાય. મહેનતનું શુભ ફળ મળે.**

***તુલા : (ર.ત.)*** **ચિંતાને કારણે બેચેની રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.**

***વૃશ્ચિક :(ન.ય.)*** **અકારણ દોડા-દોડી રહે. મનમાં મૂંઝવણ રહે.**

***ધન : (ભ.ફ.ધ.)*** **પડવા-વાગવાથી સંભાળવું. શત્રુવર્ગથી સાવધાની રાખવી..**

***મકર : (ખ.જ.)*** **નાણાંકીય રોકાણ કરવાનું આજના દિવસ પૂરતું ટાળવું. ગૃહવિવાદ..**

***કુંભ : (ગ.શ.સ.)*** **નોકરી ધંધામાં ધાર્યો લાભ મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.**

***મીન : (દ.ચ.જ.થ.)*** **મનનું ધાર્યું થાય. આનંદ ઉત્સાહ વધે.**

### આજનો દિન મહાન - યશવંત કડીકર

યુનોના અત્યંત લોકપ્રિય હોગ હોમરશીલ્ડની પુણ્યતિથિ છે.

તેમનો જન્મ ૨૯-૭-૧૯૦૫ ના રોજ દક્ષિણ સ્વીડનના એક ગામમાં થયેલો. ૧૯૩૬માં તેઓ સ્વીડિશ સરકારના નાણામંત્રી પદે નિમાયા અને છેક ૧૯૪૫ સુધી એમણે આ જવાબદારી અદા કરી. ૧૯૪૯ માં તેઓ સ્વીડનના વિદેશ ખાતાના મંત્રી બન્યા અને ૧૯૫૩માં તેમની સંયુકત રાષ્ટ્રસંઘના મંત્રી પદે વરણી થઈ. આઠ વર્ષ સુધી આ જવાબદારી કપરા સંજોગો વચ્ચે પણ નિષ્ઠાપૂર્વક અદા કરી. મૃત્યુ તા. ૧૮-૯-૧૯૬૧

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

<u>અમદાવાદ ઓફીસ :-</u> ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

<u>પાલનપુર ઓફીસઃ-</u> ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

<u>સુરત ઓફીસઃ-</u> ૐકાર કન્સલટન્સી

દુ.નં.૧, ગ્રાઉન્ડ ફ્લોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૬૫૫૫૧૦૮

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

### તા. ૧૮.૦૯.૨૦૧૯ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્ત્વની સપાટી ....!!!**

**તા.૧૭.૦૯.૨૦૧૯ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૪૧ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૮૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૮૬૮ પોઈન્ટ થી ૧૦૮૮૮ પોઈન્ટ, ૧૦૯૦૯ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૧૭.૦૯.૨૦૧૯ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૭૧૭૧ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૭૦૨૭ પોઈન્ટના પ્રથમ અને ૨૬૯૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૭૨૭૦ પોઈન્ટ થી ૨૭૩૦૩ પોઈન્ટ, ૨૭૩૭૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૭૩૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

### હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૩૩૬) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૧૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૯૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૪૭ થી રૂ.૧૩૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૭૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**HCL ટેકનોલોજી (૧૦૬૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૪૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૦૩૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૭૩ થી રૂ.૧૦૮૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**એકસિસ બેન્ક (૬૪૧) :- રૂ.૬૨૬ નો પ્રથમ તેમજ રૂ.૬૨૦ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૪૬ થી રૂ.૬૫૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**રેમન્ડ લિમિટેડ (૫૭૦) :- ટેક્ષટાઈલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૫૭૭ થી રૂ.૫૮૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૫૫૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સિપ્લા લિમિટેડ (૪૬૦) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૫૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાર્મા સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૬૬ થી રૂ.૪૭૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ACC લિમિટેડ (૧૪૯૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૫૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૪૭૭ થી રૂ.૧૪૬૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૫૨૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ટાઈટન કંપની લિ. (૧૧૬૨) :- રૂ.૧૧૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૮૬ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૪૭ થી રૂ.૧૧૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૯૦૫) : સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૩૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૮૯૩ થી રૂ.૮૮૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ઈન્ફોસિસ (૮૩૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૮૪૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૨૮ થી રૂ.૮૧૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૮૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**લ્યુપિન લિમિટેડ (૭૫૯) :- રૂ.૭૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૮૪ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૭૪૭ થી રૂ.૭૪૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૭૯૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## ખોડા હાઈસ્કૂલ દ્વારા સણાદર અંબાજી મંદિરે સફાઈ અભિયાન હાથ ધરાયું



વિજય સિલ્વા

પ્રતિનિધિ શીહોરી

કાંકરેજ તાલુકાના ખોડા વિનય વિદ્યા મંદિરના વિધાર્થીગણ સાથે હાઈસ્કુલ પરિવારના કર્મચારીગણ સાથે જોડાઈને સણાદર અંબાજી માતાના મંદિરેથી પ્રવેશ દ્વાર સુધી સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું.ભાદરવી પુનમનો મેળો પુરો થાય પછી અંબાજી મંદિરની આજુબાજુ અને રોડ ઉપર પડેલ બિન જરૂરી કચરાની સફાઈ અને તેને ભેગો કરી તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

ખોડા હાઈસ્કૂલના વિધાર્થી ભાઈ અને બહેનોએ મા અંબાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને સ્વચ્છ ભારત અને પ્લાસ્ટિક મુક્ત ભારત સૂત્ર સાથે સફાઈ અભિયાન દ્વારા સફાઈ સાથે માતાજી ના ચોકમાં પાણીથી સફાઈ અભિયાન પૂર્ણ કરાયુ હતું. આ સફાઈ અભિયાન કરવા બદલ સણાદર ગ્રામજનો અને અંબાજી માતાના ટ્રસ્ટીગણે ખોડા વિનય વિદ્યા મંદિરના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ પટેલનો અને આચાર્ય જયંતીભાઈ ચૌધરીનો અને શાળાના બાળકોનો સાથે કર્મચારીગણનો આભાર માન્યો હતો.

## થરાદના સિનીયર એડવોકેટનું બદ્રીનાથમાં અવસાન થતાં શોક

પ્રતિનિધિ થરાદ

થરાદ મુકામે છેલ્લા ૪૦ વર્ષથી વકિલાત કરતા સિનીયર ધારાશાસ્ત્રી હિરજીભાઈ એન બારોટ પરિવારીક સંઘ સાથે દસ દિવસ પહેલાં ચારધામની યાત્રા કરવા ગયેલા હતા. જ્યાં ભરતભાઈ શાસ્ત્રીની વક્તાપદે શ્રીમદ ભાગવતકથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. હિરજીભાઈ બારોટે તેમના કાર્યક્રમના ફોટા પણ તેમના મિત્રસર્કલમાં અપલોડ કર્યા હતા. જેની વચ્ચે સોમવારની સવારના સુમારે હિરજીભાઈ બારોટ આક્સ્મિક અવસાનના સમાચાર મળતાં સમગ્ર પંથક અને સમાજ તથા બારએસોશિયેસનમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.



મુળ થરાદના ઘંટીયાળી ગામના વર્ષોથી થરાદ સ્થાયી આશરે ૬૪ વર્ષીય હિરજીભાઈ બારોટના અવસાન અંગે આઘાત અનુભવતાં થરાદ બાર એસોસિયેશનના પ્રમુખ સાગર ડી દેસાઈની અધયક્ષતામાં સોમવારે બારએસોસિયેશનની અસાધારણ સભા યોજાઈ હતી. જેમાં મૌન પાળી એક દિવસમાટે કામકાજથી અળગા રહીને સ્વભાવે માયાળુ,પ્રેમાળ અને સંનિષ્ઠ ધારાશાસ્રીના કાર્યકાળને યાદ કરી સદગતના આત્માની ચિરશાંતી અને તેમના પરિવારને પરમાત્મા દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. હિરજીભાઈના અવસાની જાણ કરાતાં તેમના બેપુત્રો અને બે પુત્રીઓના પરિવાર સહિત સ્નેહીજનો ભારે હૈયે બદ્રીનાથજવા રવાના થયા હતા. સદગતના અંતિમસંસ્કાર ત્યાં કરવામાં આવશે તેમ સ્વજનો પાસેથી જાણવા મળ્યું હતુ.

## રાહ ગામે નર્મદા મૈયા વધામણાનો કાર્યક્રમ યોજાયો



પાંચાભાઈ દેસાઈ

પ્રતિનિધિ રાહ

થરાદ તાલુકાના રાહ ગામે ગુજરાતના પનોતા પુત્ર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના ૬૯મા જન્મદિવસ નિમિત્તે નર્મદા ડેમની સપાટી ૧૩૮ મીટર સુધી ભરાતા નર્મદા મૈયાના વધામણા કાર્યક્રમ યોજાયો હતો. તે અંતર્ગત રાહ ગામે નર્મદા મૈયાની પૂજા અર્ચના તેમજ આરતી કરવામાં આવી હતી તેમજ લાડુનો પ્રસાદ ચઢાવવામાં આવ્યો હતો. નમામિ દેવી નર્મદે ના જય ઘોષ સાથે રેલી કાઢવામાં આવી હતી. આ પ્રસંગે ગામના સરપંચ, તલાટી, માજી સરપંચ તાલુકા પંચાયતના સદસ્યો તથા તમામ શાળાનો સ્ટાફ તમામ સરકારી કર્મચારીઓ તેમજ સહકારી આગેવાનો તેમજ ગામના આજુબાજુ ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## બાલુન્દ્રા મુકામે નમામિ દેવી નર્મદે મહોત્સવ ઉજવાયો



પ્રતિનિધિ ઈકબાલગઢ

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તે અમીરગઢ તાલુકાના બાલુન્દ્રા પ્રા .શાળા મુકામે તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાલુન્દ્રા પ્રાથમિક શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા તેમજ આવેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું આવેલ મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ તેમજ ગ્રામ સફાઈ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અમીરગઢ તાલુકા વિકાસ અધિકારી બળવંતસિંહ રાજપુત,ભાજપ પ્રમુખ કિરણસિંહ ચૌહાણ, રાજુભાઈ રાણા તેમજ કપાસિયા શક્તિ પીઠ પ્રમુખ ચેતનસિંહ રાજપૂત તથા હરજીભાઈ દેસાઈ તથા બાલુંદ્રા પ્રાથમિક શાળાના આચાર્ય દિલિપકુમાર પટેલ તથા શાળાનો સ્ટાફ તથા કાર્યકર્તાઓ, બાલુંદ્રા રેંજ ફોરેસ્ટ ઓફિસના કર્મચારીઓ, ભાવાભાઈ દેસાઈ તેમજ બાલુન્દ્રાના ગામલોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ખીમાણા ગામે નમામી દેવી નર્મદેના વધામણા કરાયા



વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે આવેલ દુધેશ્વર મહાદેવના મંદિરની બાજુમાં તળાવમાં નર્મદાના નીરના વધામણાં કરવામાં આવ્યા. જે નર્મદા નદી પર બનેલ ગુજરાતના સરદાર સરોવર બંધના સ્થળે જ્યાં જળ સપાટી પ્રથમ વખત સર્વોચ્ચસ્તર પર પહોંચી ચુકી છે. બંધની જળ સપાટી ૨૦૧૭માં પ્રથમ વખત વધારવામાં આવી હતી. ત્યારબાદથી જળ સપાટી ૧૩૮-૬૮ મીટર(૪૫૫ ફુટ) સુધી પહોંચી છે. સંપૂર્ણ જળરાશીથી ભરાતાં ગુજરાત રાજ્યના તમામ નાગરિકોનું સ્વપ્ન નર્મદે મૈયાએ સાકાર કર્યું છે.

આ આનંદિત પળને ઉત્સવના રૂપે યોજવા રાજ્ય સરકારે નમામિ દેવી નર્મદ મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. નર્મદા જળ પૂજન વિધીની કામગીરી, વિદ્યાર્થીઓની રેલી સાંસ્કૃતિક કાર્યક્રમો, ઢોલ શરણાઈ મેઘલાડુંની વિતરણ કાર્યક્રમના સ્થળે વૃક્ષારોપણની કામગીરીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## સ્ત્રી સમાજ દ્વારા ચિત્રકલા તાલિમ શિબિર યોજાઈ



ડીસા

ડીસા નગરી સંસ્કાર નગરી તરી-કે સુવિખ્યાત છે. અહીં સ્ત્રી સમાજ ડીસા છેલ્લા ૬૧ વર્ષથી કાર્યરત છે.

નવરાત્રિ ગરબા મહોત્સવ હોય કે અંધજન શાળામાં બાળકોના જન્મ દિવસની ઉજવણી કરવાની હોય ત્યારે કેક કાપીને તથા ઘરથી બનાવીને લાવેલ સ્વાદિષ્ટ ભોજન જમાડીને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આવી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા ડીસા નગરમાં અગત્યની નામના ધરાવતી સેવાભાવી સંસ્થા સ્ત્રી સમાજ ડીસા દ્વારા તા.૧૨-૧૩ સપ્ટેમ્બર દરમિયાન લગભગ ૩૫ બાળકોને ચિત્ર સર્જનની તાલિમ આપવામાં આવી ત્યારબાદ તા.૧૬-૯-૧૯ના રોજ ચિત્રકલા સ્પર્ધાનું આયોજન થયું.

ચિત્રકલાની તાલીમ અને ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કલા સૃષ્ટિ ફાઉન્ડેશનના પ્રણેતા અને રાષ્ટ્રપતિના વરદ હસ્તે પોંખાયેલા ચિત્ર શિક્ષક ચંદુભાઈ એ.ટી.ડી. તથા ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળના ચિત્રકલા વિષયના પાઠ્ય પુસ્તકના લેખક ચિત્રકાર નાથાલાલ બ્રહ્મક્ષત્રિયે ઉમદા સેવાઓ આપી હતી. સ્ત્રી સમાજ ડીસાની કર્મઠ બહેનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને સુંદર આયોજન કર્યું હતું.

પ્રથમ નંબર પરમાર પૂજા એમ.દ્વિતિય નંબર કંકોડીયા ભારતી એસ., તૃતિય નંબર કાપડી સોનલ પી., આશ્વાસન માયા બીપીનભાઈ, તથા સુમીત મોદીને વિજેતા જાહેર કરીને ઈનામો આપવામાં આવ્યા હતા. તથા દરેક સ્પર્ધકને પ્રોત્સાહિત ઈનામો આપ્યા હતા.

## ધાનેરાની ડી.બી. પારેખ હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો યુવા મહોત્સવ યોજાયો



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા શહેરમાં આવેલ ડી બી પારેખ હાઈસ્કૂલ ખાતે ધાનેરા તાલુકાનો ૫૨મો યુવા મહોત્સવ યોજાયો હતો. તાલુકાની ૪૩ શાળાના બાળકોએ પોતામાં રહેલી કલા રજૂ કરી હતી. યુવા પ્રતિભા શોધ કાર્યક્રમ માટે અલગ અલગ વિભાગમાં શાળાના બાળકો તેમજ અન્ય વ્યક્તિ પોતાની રજુઆત કરી રહ્યા હતા. આ પ્રસંગે માવજીભાઈ દેસાઈ, નથાભાઈ પટેલ,વસંતભાઈ પુરોહિત, જોયતાભાઈપટેલ, જગદીશભાઈ પટેલ, ફોજાજી, રમેશભાઈ, કિર્તિકાકા વિગેરેએ હાજર રહી કાર્યક્રમ ખુલ્લો મૂક્યો હતો. ડી.બી. પારેખના આચાર્ય ચેનજીજી સોલંકીએ વધુ વિગત વાર માહિતીથી વાકેફ કર્યા હતા.

## ગણેશપુરા ખાતે બાવળીયા તળાવમાં જળ વધામણા કરાયાં



સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

નમામિ દેવી નર્મદે મહોત્સવ ૨૦૧૯ ગુજરાત રાજ્યની જીવાદોરી સમાન નર્મદા પર બધ બાંધવામાં આવેલ જ્યારે સરદાર સરોવર ડેમ પ્રથમ વખત તેની પુર્ણ સપાટી ૧૩૮.૬૭ મીટર હાંસલ કરેલ આ ઐતિહાસિક ક્ષણ ની ઉજવણી માટે ભારત દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના જન્મ દિવસ નિમિત્તે નમામિ દેવી નર્મદે મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે મુડેઠા ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ ગણેશપુરા પ્રાથમિક શાળાના વિધાર્થી દ્વારા સૌ પ્રથમ સ્વાગત ગીત ગાઈ ને કાર્યક્રમ શરૂ કર્યો હતો. ગણેશપુરા ખાતે મહાકાળી માતાજીના મંદિર સામે બાવળીયા તળાવમાં રાવલ મુકેશભાઈ નાયબ જળસંચય પેટા વિભાગ મહેસાણા તેમજ મુકેશભાઈ માળી વિસ્તરણ અધિકારી ડીસાના અધ્યક્ષ સ્થાને જળ વધામણા કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મુડેઠા જિલ્લા પંચાયત સીટના હોદેદારો રાઠોડ બબાજી જગાજી માજી જિલ્લા ડેલીગેટ, રાજગોર રાજુભાઈ તાલુકા પંચાયત સદસ્ય ડીસા, બાસ્કુજી ચમનજી રાઠોડ તાલુકા પંચાયત સદસ્ય ડીસા, રાઠોડ બચુજી ભીખાજી માજી તાલુકા પંચાયત સદસ્ય ડીસા, રાઠોડ કાન્તીજી તલજી મુડેઠા સરપંચ, રામુજી રાઠોડ તાલુકા પંચાયત સદસ્ય ડીસા તેમજ આજુબાજુ ગામમાંથી મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ડીસાથી સુન્ધા માતા પગપાળા સંઘ રવાના



ડીસા

ડીસામાં વસતા સુંદેશા પરિવાર દ્વારા ઘણા વર્ષોથી ડીસાથી સુંધામાતા પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે ત્યારે ગતરોજ પણ ડીસા થઈ પણ આ સંઘે પ્રસ્થાન કર્યું હતું. ડીસાના દયારામ ગમનાજી સુંદેશા, આઈ.ટી.સી. રાજકમલ આયોજિત આ સંઘે વાજતે ગાજતે પ્રસ્થાન કર્યું હતું,આ સંઘ મંડાર ખાતે લીલાધારી મહાદેવના દર્શન કરી સુંધા માતા પહોંચશે.

<u>મહારાજા વ્હાઈટલાઈન પ્રસ્તુત કરે છે</u>

## "ટર્બો પ્રાઈમ" મિક્સર ગ્રાઈન્ડરની ચાર નવી પ્રીમીઅમ વિવિધતાઓ



અમદાવાદ

ગ્રુપ સેબ ઈન્ડિયાની પહેલ, મહારાજા વ્હાઈટલાઈને "ટર્બો પ્રાઈમ" મિકસર ગ્રાઈન્ડરની ૪ નવી પ્રીમીયમ વિવિધતાઓ પ્રસ્તુત કરી છે. એમડબલ્યુ હેઠળ પ્રથમ પ્રોડક્ટમાં "સેફ્ટી જાર લોક" છે, જે ઢાંકણને ટાઈટ રાખે અને છલકાવાથી અટકાવે છે. આમાં વધારાના ટકાઉપણા માટે જારના અનબ્રેકેબલ ઢાંકણનો પણ સમાવેશ છે જે પારદર્શક છે. ક્રોમ ફિનિશિંગ નોબ સાથેની યુનીક સુપીરિઅર ડિઝાઈનમાં લોન્ચ કરવામાં આવેલ છે જે તમારી રોજિંદી મિક્સિંગ અને ગ્રાઈનડિંગ આવશ્યકતાને પહોંચી વળવા ૩ સ્પીડસમાં આવે છે. ૧૦૦૦ડબલ્યુ વેરિઅન્ટે વધુ સારા પરફોર્મન્સ માટે કોપર મોટર સાથે આવે છે. અન્ય વિશેષતાઓમાં હળદર જેવા મસાલા, મસૂર વગેરે સહિતની સૌથી વધારે કઠોર સામગ્રીઓને પણ કાર્યક્ષમ રીતે ગ્રાઈન્ડ કરવા તથા ગમે ત્યારે ચટણી બનાવવા માટે ફલો બ્રેક્સ સાથે અનબ્રેકેબલ સ્ટેઈનલેસ સ્ટીલ જાર્સનો સમાવેશ થાય છે. ખોરાકની કુદરતી લહેજત અને દેખાવ જાળવી રાખવા આ તમામ સામગ્રીઓની સોડમ જેમની તેમ રહે તેની ચોકસાઈ રાખે છે. આને ઓનખી સુપર શાર્પ બ્લેડસ છે જે એકસ્ટ્રીમ બ્લેન્ડિંગ માટે જારની અંદર સાયકલોનિક મુવમેન્ટ લાવે છે.

નવી રેન્જ પાવરફુલ ડિઝાઈન સાથે આવે છે જે મશીનને ૨૦,૦૦૦ આર.પી.એમ. ના દરે ચલાવે છે. મિક્સર ગ્રાઈન્ડરને ભારે અથવા સતત ગ્રાઈન્ડિંગમાં પણ ઘોંઘાટના ઓછા લેવોની ચોકસાઈ સાથે ૩૦-મિનિટના નિરંતર ગ્રાઈન્ડિંગ માટે વાપરી શકાય છે (દાવા સાથે -દર ૫ મિનિટ પછી ૨ મિનિટના વિરામના સમયગાળા સાથે) મહારાજા વ્હાઈટલાઈન ટ્રબો પ્રાઈમ ૪ વિવિધતાઓમાં આવે "ટર્બો પ્રાઈમ ડી.એલ.એક્સ, ટર્બો પ્રાઈમ ઈલાઈટ અને ટર્બો પ્રઈમ એચ.ડી. આમાં એક ચટણી જાર, એક ડ્રાય જાર, એક વેટ જાર અને ફ્રૂટ ફિલ્ટર સહિત એક બ્લન્ડિંગ જારનો સમાવેશ થાય છે. જ્યાં ટર્બો પ્રાઈમ ઈલાઈટ ૭૫૦ડબલ્યુ ૩ જાર અને ફ્રુટ ફિલ્ટર સહિતના બ્લેન્ડર સહિતના બ્લેન્ડર સાથે આવે છે. તો અન્ય વિવિવધતાઓ દરેકમાં ૩ જાર સાથે આવે છે. તમામ મિકસર ગ્રાઈન્ડર વિવિધતાઓ ગ્રુપ સેબના ૭૫૦ ડિસ્ટ્રિબ્યુટર્સ અને ૪૦,૦૦૦ ડીલર્સ પાસે અને રૂ.૩૪૯૯ થી ૬૯૯૯ સુધીની કિંમતની રેન્જમાં ઉપલબ્ધ છે.

## દિયોદરના સામલા ગામે નર્મદા નીરના વધામણા અંતર્ગત કાર્યક્રમ યોજાયો


અશોક શેઠ

તા.પ્રતિનિધિ દીઓદર

સરદાર સરોવર ડેમ ૧૩૮ મીટર સુધી ભરાતાં સમગ્ર રાજ્યમાં નર્મદાના નીરના વધામણા કરવામાં આવી રહ્યાં છે. જેમાં આજરોજ દીઓદર તાલુકાના સામલા ગામે નર્મદાનના નીરના વધામણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અધિકારીઓ અને અગ્રણીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શાળાની બાલીકાઓ દ્વારા સ્વાગતગીત રજુ કરી ઉપસ્થિત મહેમાનોનું સવાગત કરવામાં આવેલ. ઉપસ્થિત મહેમાનો અને ગ્રામજનો દ્વારા નર્મદાના નીરનાં વધામણાં કરેલ. શાળાની બાલીકાઓને બુંદીના લાડુ આપી મોં મીઠું કરાવેલ.

આ પ્રસંગે દીઓદર ધારાસભ્યશ્રી શીવાભાઈ ભુરીયા, ના.કલેક્ટર એ.ડી. ચૌહાણ, તાલુકા પ્રમુખ બળવંતજી ઠાકોર, તા.વિ. અધિકારી પી.આર.દવે, દીઓદર તાલુકા ભાજપ પ્રમુખ પરાગભાઈ જોષી, ભવાનજી ઠાકોર, સેવંતીભાઈ ઠક્કર, તાલુકા સંઘના ચેરમેન ઈશ્વરભાઈ તરક, માનજીભાઈ જોષી, સોમાભાઈ દેસાઈ, ત.ક.મંત્રી પી.એન. ચૌધરી, સરપંચ હરગોવનભાઈ ઠાકોર સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ.

## મેમદપુર જીલ્લા પંચાયત સીટ પર નર્મદે સર્વદે કાર્યક્રમ યોજાયો

પાલનપુર

વડગામ તાલુકાના મેમદપુર જી.પં સીટમાં ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૧૩૮ મીટર કરતા વધુ પાણી ભરીને છલકાયો છે. ત્યારે ગુજરાત ના પનોતા પુત્ર અને વિશ્વ નેતા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૯માં જન્મ દિવસે નમામી દેવી નર્મદે મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બનાસકાંઠા જીલ્લા પંચાયત સદસ્યશ્રી અશ્વિન સક્સેનાના વરદ હસ્તે મેમદપુર ગામના સતી માતા મંદીરની પાસે તળાવમાં મા નર્મદા મેયાને યાદ કરી તળાવનુ પૂજા તથા શ્રીફળ અર્પણ કરી આરતી કરવામાં આવી રેલી સ્વરપે મોટી સંખ્યામાં ગ્રામજનો પ્રા શાળાના બાળકો કર્મચારી ગણ શિવજીના મંદિરના



પ્રાંગણમાં સભા કરવામાં આવી હતી.જ્યાં પ્રા.શાળા ની બાળાઓ એ નર્મદા મૈયાનો ગરબો, કવિતા ગાઈને લોકોને મંત્રમુગ્ધ કર્યા જેમાં અશ્વિન સકસેનાએ જણાવ્યુ કે ૭૦ વર્ષથી ગુજરાતની જનતા રાહ જોઈને બેઠી હતી કે, નર્મદા ડેમની ઊંચાઈ વધે અને નર્મદા ડેમ છલકાય ત્યારે ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના અથાગ પ્રયત્નોથી તેઓના મુખ્યમંત્રી સાશનમાં ઝડપી કામગીરીની શરૂઆત કરીને સદભાવના ઉપવાસ થકી વેગ મળતા તેમના જ હસ્તે નર્મદા ડેમના દરવાજા લગાવવાની મંજુરી આપી અને ગુજરાત સરકારે તાત્કાલીક દરવાજા લગાવીને આજે નર્મદા ડેમ ૧૩૮ મીટર કરતા વધુ પાણીથી છલકાયો ગુજરાતની જનતા હર્ષની લાગણી અનુભવે છે અને તેઓના જન્મદિવસે મેમદપુર જી.પં.સીટ તથા ગામ લાકો એ ઉમળકાભેર શુભેચ્છાઓ પાઠવી હતી.

અનુસંધાન પાના નં.૬

## થરા ખાતે બાયો ડીઝલ પંપની ઓફીસમાંથી ૬૦ હજારના મુદામાલની ચોરી

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા વિસ્તારમાં અનેક વાર ચોરી થવાના બનાવો સામે આવતા રહે છે.ત્યારે થરા - ભાભર રોડ પર આવેલા બહુચર બાયો ડીઝલ પંપ ની ઓફીસમા રાત્રેના સમય એ કોઇ અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થતાં સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થયો હતો.જાણવા મળતી માહીતી મુજબ

થરા -ભાભર રોડ પર નેશનલ હાઈવેની સાઈડમાં આવેલા બહુચર બાયો ડીઝલપંપની ઓફીસમાં ગત તારીખ.૧૩- ૦૯ -૨૦૧૯ના રાત્રે અંદાજે બે વાગ્યા પછીના સમય બાદ કોઈ અજાણ્યા ઈસમો આવીને રાત્રે સુઇ રહેલા ચિંતનભાઇ પટેલ બાયો ડીઝલપંપના માલીકને કેફી


યશપાલસિંહ ટી.વાઘેલા

પદાર્થનો સ્પ્રે છાંટી બેભાન કરીને ઓફીસના તાળા તોડીને પ્રવેશ કરીને બિન્દાસથી ચોરી કરીને અંદાજે ૩૫ હજાર કેશ રકમ ,બે મોબાઈલ , ઘડીયાળ,ટેપ સહીત અંદાજે ૬૦ હજારના મુદ્દામાલની ચોરી કરતા સી.સી.ટીવીમાં કેદ થયો હતો. સવારે પંપના માલીક ભાનમાં આવતાં ચોરીની જાણ થતા જ સી.સી.ટી.વી.વિડીયો ફુટેજ જોઈને તાત્કાલીક થરા પોલીસ સ્ટેશન ખાતે જઈને ફરીયાદ આપવામાં આવી હતી.ત્યારે આજે છ દીવસ વિતવા છતા હજુ ચોરી કરનારની કોઈજાતની ભાળ મળી નથી ત્યારે પોલીસ ફૂટેજના આધારે ચોરને પકડવા ચક્રોગતિમાન કર્યા છે ત્યારે હવે જોવુ રહ્યું કે આ સી.સી.ટી.વી.માં કેદ થયેલા ચોરને પોલીસ ક્યારે શોધે છે. તે તો આવનારો સમય જ બતાવશે.

## વડગામના છાપી ખાતે નનામિ દેવી નર્મદેની ઉત્સાહભેર ઉજવણી કરાઈ


સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદાડેમ ૧૩૮ મીટરની સપાટી ઉપર પહોંચતા સરકાર દ્વારા નનામિ દેવી નર્મદાની રાજય વ્યાપી મંગળવારે ઉજવણી કરવામાં આવી હતી. દરમિયાન છાપી ખાતે નનામિ દેવી નર્મદેની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં છાપી જિલ્લા પંચાયત સીટમાં સમાવિષ્ટ ગામોના સરપંચો સહિત માર્કેટયાર્ડના ચેરમેન કે.પી.ચૌધરી, શારદાશિષ હાઈસ્કૂલના આચાર્ય મયુરભાઈ જોષી, તાલુકા પંચાયતના ડેલીગેટઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણીમાં છાપીના યુવા સરપંચ ભરતભાઈ ચૌધરીએ તમામ મહેમાનોને આવકારી સ્વાગત કર્યું હતું. જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા પંચાયતના ક્લાર્ક નરેન્દ્ર દરજી, સુરેશ પરમાર સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## દાંતીવાડાની ત્રણ જિલ્લા પંચાયત સીટોમાં નમામિ દેવી નર્મદે મહોત્સવ ઉજવાયો

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકામાં દાંતીવાડા ડેમ, ગોઢ ગામે અને પાંથાવાડા એમ ત્રણ જિલ્લા પંચાયત સીટો પર નર્મદાની ઐતહાસિક સપાટી થતા ગત રોજ નમામિ દેવી નર્મદે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં તાલુકાના ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

દાંતીવાડા તાલુકાની ત્રણ જિલ્લા પંચાયત સીટો ઉપર દાંતીવાડા ડેમમાં નર્મદાના નીર પાઈપલાઈન દ્વારા નાખવામાં આવ્યા હતા તે જગ્યાએ, ગોઢગામમાં આવેલા તળાવ નર્મદાના પાણીથી ભરવામાં આવ્યું છે ત્યાં અને પાંથાવાડા ગામ ખાતે પાણીના સંપ ઉપર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીફળ, ચૂંદડી અર્પણ કરી નર્મદાની આરતી


ઈશ્વર રબારી

કરવામાં આવી હતી. વૃક્ષ વાવવામાં આવ્યા હતા. આજુબાજુમાં સાફ સફાઈ કરવામાં આવી હતી અને પ્લાસ્ટિક મુક્ત તાલુકો બનાવવા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં મહંત શ્રી સદાગીરી મહારાજ, જિલ્લા ઉધોગ કેન્દ્રના મેનેજર પી.પી તડવી, તાલુકાના ઉચ્ચ અધિકારીઓ તાલુકા વિકાસ અધિકારી, મામલદાર આઈ.એમ. ઠાકોર નાયબ મામલદાર વિજયભાઈ દેસાઈ. ધનજીભાઈ ધાસુરા કેળવણી નિરક્ષક ભરતભાઈ ચોધરી તેમજ રાજકીય આગેવાનો જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મેરુજી ઘુખ, ગણપત ભાઈ રાજગોર, રમેશભાઈ ધાડીયા, સવસીભાઈ પટેલ, હરજીવન ભૂતડીયા, જેન્તીભાઈ વાઘણીયા, દિનેશ મેવાડા, જેન્તીભાઈ બોચતાર, ભોળાભાઈ રબારી, સુધિરસિહ ગોહિલ ચેહરભાઈ પોત્રોડ, ઈશ્વર રબારી, ચેતન જોશી, સુરેશ મોદી તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જલોતરામાં તાલુકા કક્ષાનો નમામી દેવી નર્મદે મહોત્સવ

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકાના જલોતરા જી.પં સીટમા ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૧૩૮ મીટર કરતા વધુ પાણી ભરીને છલકાયો છે. ત્યારે ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વ નેતા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૯માં જન્મ દિવસે તાલુકા કક્ષાના નમામી દેવી નર્મદે મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યું જેમાં વડગામ તાલુકા મામલતદાર, ટી.ડી.ઓ. જલોતરા જીલ્લા પંચાયત સદસ્ય, તાલુકા પંચાયત સદસ્ય, વડગામ તાલુકાભાજપ પ્રમુખ, મહામંત્રી, જલોતરા ગ્રામ પંચાયત સરપંચ, તથા જલોતરા જીલ્લા પંચાયત સીટના આગેવાનો તથા ગ્રામજનોના વરદ હસ્તે જલોતરાના કરમાવાદ તળાવમાં મા નર્મદા મેયાને યાદ કરી તળાવના નીરની પૂજા તથા શ્રીફળ અર્પણ કરી આરતી કરવામાં


પુષ્કર ગોસ્વામી

આવી હતી. રેલી સ્વરપે મોટી સંખ્યામાં ગ્રામજનો પ્રા.શાળાના વિદ્યાર્થીઓ, જલોતરા જીલ્લા પંચાયત સીટમા આવતા ગામોના તલાટી તથા જલોતરાના સ્થાનિક કર્મચારીઓ સાથે મહાદેવ મંદિર ધર્મશાળામા સભા કરવામાં આવી જ્યાં પ્રા.શાળા તથા માધ્યમિક શાળાની બાળાઓએ નર્મદા મૈયાના ગરબા દ્વારા લોકોને મંત્ર મુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં વડગામ મામલતદાર આર.સી. ઠાકોર, જીલ્લા પંચાયત સદસ્ય લક્ષ્મીબેન કરેણ, વડગામ તાલુકાભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા, મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી, તાલુકા પંચાયત સદસ્ય રમીલાબેન ગુર્જર, તથા કરનાળા સરપંચ નથુભાઈ ચૌધરી, તથા જલોતરાગ્રામ પંચાયત સદસ્યો તથા આસપાસના ગામોના સરપંચો તથા ગ્રામજનો, વિદ્યાર્થીઓ તથાઆંગણવાડી કાર્યકરો, જલોતરાના સ્થાનિક કર્મચારીઓ, જલોતરાગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં અને સૌને મેઘ લાડુ આપીને મોં મીઠ્ઠ કરાવ્યું હતું અને ઉપસ્થિત રહેવા બદલ સરપંચે આભાર વ્યક્ત કર્યો હતો.

## બોમ્બે નેચરલ હીસ્ટ્રી સોસાયટી તરફથી ગુજરાતી પક્ષી ચાહકોને નજરાણું

ડીસા

ડૉ.સાલીમ અલીનાં પ્રખ્યાત પુસ્તક ધ બુક ઓફ ઈન્ડિયન બર્ડસનો ગુજરાતી ભાષામાં અનુવાદરૂપ પુસ્તક ભારતનાં પક્ષીઓ ટુંક સમયમાં મુંબઈ અને અમદાવાદમાં વિધિપૂર્વક બહાર પડશે. ૪૪૧ પુષ્ઠોનાં આ દાળદાર પુસ્તકમાં ભારતભરમાં નજરે પડતાં ૫૩૮ પક્ષીઓનું સચિત્ર વર્ણન અને ગુજરાતી અને અંગ્રેજી નામો આપવામાં આપવામાં આવ્યા છે. ચિત્રો પ્રખ્યાત ચિત્રકાર સ્વ. કાલેડિસિલ્વા અને જનશેદ ઈરાની કૃત છે. આ પુસ્તક પ્રાપ્ત કરવા સંસ્થાના નાયબ વડા દિવ્યેશ પારેખનો ૨૨૦૨૫૪૮૧-૮૨ ઉપર સંપર્ક શાધવો અથવા સંસ્થાની વડી કચેરી, હોર્નબિલ હાઉસ, લાયન ગેટની સામે, શહિદ ભગતસીંગ માર્ગ કોર્ટમાં રૂબરૂ મળી રહેશે. મુંબઈમાં ૧ લી



ઓકટોમ્બર અને અમદાવાદમાં ૫ મી ઓકટોમ્બરના રોજ ટુંક સમય માટે ૫૦૦ રૂ..જી. નું પુસ્તક ૪૦૦ રૂ.માં મળશે. મુંબઈમાં મ્યુનીસીપલ કમીનર પ્રવીણ પરદેશીનાં હાથે વિમોચન થશે. મુંબઈના ભૂતપૂર્વ શેરીફ અને ઉદ્યોગપતિ મોહનભાઈ પટેલ અને પંડિત ઓમકાર નાથ ઠાકુર(ગોલ્ડ મેડલ) અને દાદાસાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત વીપીનભાઈ રેશમિયા અતિથિ વિશેષ હશે.

## લાખણીના વિવિધ ચાર સ્થળે નમામી દેવી નર્મદે કાર્યક્રમ યોજાયો



પ્રતિનિધિ ગેળા

ગુજરાત રાજ્યની જીવાદોરી સમાન નર્મદા નદી ઉપર બાંધવામાં આવેલા ડેમની સપાટી વિક્રમજનક ૧૩૮ મીટર જેટલી પહોંચાડવા બદલ સમગ્ર રાજ્યમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે "નમામી દેવી નર્મદે" કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત લાખણી ખાતે સરકારી કર્મચારીઓ અને અગ્રણીઓ દ્વારા બજારમાં સફાઇ કર્યા બાદ સુજલામ સુફલામ કેનાલ ખાતે જઈ પદ્મશ્રી ગેનાજી પટેલના હસ્તે શ્રીફળની પ્રસાદી કરી કેનાલના જળને વધાવવામાં આવ્યું હતું. ત્યારબાદ સરસ્વતી વિદ્યાલય ખાતે નર્મદા માતાની આરતી કરી વૃક્ષારોપણ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. તેમજ સરપંચ નાનજીભાઇ પટેલ તરફથી ૨૫ કિલો બુંદીના લાડુ વહેંચવામાં આવ્યા હતા. આ ઉપરાંત લાખણી તાલુકાના લવાણા, વાસણા(વા.) તેમજ નોદલા ગામે પણ "નમામી દેવી નર્મદે" કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાયબ નિયામક (ખેતી) બી.એન.પટેલ, મામલતદાર ડી.સી.પરમાર, ટી.ડી.ઓ. પી.ડી. સેનામા, બાબુભાઇ પાનકુટા, હેમરાજભાઇ પટેલ, મહેશભાઇ દવે, ભગવાનસિંહ વાઘેલા વગેરે અગ્રણી હાજર રહ્યા હતા.

## ધાનેરા તાલુકાના ધાખા ગામે નમામી દેવી નર્મદે મહોત્સવની ઉજવણી


એન.કે.મોદી

### ધાનેરા તાલુકામાં પણ નર્મદાના નીર આવે તે માટે રજુઆત

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાની ચાર જિલ્લા પંચાયતની સીટ પર નર્મદા નદીના વધામણા માટે ગામના તળાવના પાણીની પૂજા કરાઈ હતી. ધાનેરા તાલુકાની થાવર, જડિયા,સરાલ અને ધાનેરામાં ઉચપલિયા તરીકે ઓળખાતા તળાવ તેમજ ધાખા સીટ પર પાણીનું પૂજન કર્યું હતું. આ વખતે ધાનેરા તાલુકામાં વાવણી લાયક વરસાદ થયો છે. જો કે વધુ વરસાદ ના થવાથી મોટા ભાગ ના તળાવો કોરા પડ્યા છે. જો કે ગુજરાતની નર્મદા નદીના નીર ગુજરાતના છેવાડે આવેલ ગામો સહિત અન્ય રાજ્યોમા પણ પાણીએ લીલોતરી કરી છે.

જેને લઈ ધાનેરા તાલુકામાં પણ નર્મદાના નીર આવે આવા વિશ્વાસ સાથે ગામના આગેવાનોએ પહેલી વાર ગામના તળાવના પાણીની કિંમત સમજી પૂજા કરી હતી. બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, જિલ્લા ઉપ પ્રમુખ વસંતભાઈ પુરોહિત, તાલુકા પ્રમુખ જગદીશભાઈ પટેલ સાથે ધાનેરા તાલુકા યુવક પ્રગતિ મંડળના પ્રમુખ રાયમલભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી ગીતાબેન ઠાકોર સહિત ધાખા ગામના ખેડૂતો મોટા પ્રમાણમાં હાજર રહ્યા હતા.

## થરા માર્કેટયાર્ડ ખાતે વડાપ્રધાનના જન્મ દિને કાર્યક્રમ યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિત્તે મા કાર્ડ અને આયુષ્યમાન ભારત કાર્ડનું વિતરણ કરવાના કાયૅક્રમોનું આયોજન કરવામા આવ્યુ હતું. આ પ્રસંગે કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ, જીલ્લા ભાજપમહામંત્રી ભારતસિંહ ભટેસરિયા, નગરપાલિકાના પ્રમુખ, ડૉ. બ્રિજેશ વ્યાસ, પૃથ્વીરાજ સિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ, બનાસકાંઠા જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ ડો. આર કે બ્રહ્મભટ્ટ, બનાસકાંઠા જીલ્લા ક્ષત્રિય ઠાકોર સમાજ પ્રમુખ ડી.ડી.ઝાલેરા, કાંકરેજ અને થરા શહેરમાં અમૃતમ કાર્ડ અને આયુષ્યમાન ભારત કાર્ડના લાભાર્થીઓ મોટી સંખ્યામાં તેમજ આરોગ્ય વિભાગ હાજર રહ્યા હતા.

બનાસડેરી-બનાસ મેડીકલ કોલેજ આયોજીત

## વાવના મોરીખા ગામે નિઃશુલ્ક મેડીકલ કેમ્પ યોજાયો


વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

પૂર્વ આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીની રાહબરી હેઠળ ૪૫૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો.

ગત તા.૧૭-૯-૧૯ ના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકારના પૂર્વ આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીની રાહબરી હેઠળ બનાસડેરી-બનાસમેડીકલ કોલેજ આયોજીત વાવના મોરીખા ગામે નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નામાંકીત ડોક્ટરો ઉપસ્થિત રહી તમામ રોગોના દર્દીઓને ચકાસી ગોળી-દવાઓનું વિતરણ કરાયું હતું. જે પ્રસંગે પૂર્વ આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, સાંસદ પરબતભાઈ પટેલ, ઉમેદદાનજી ગઢવી, કાનજીભાઈ રાજપૂત ધનજીભાઈ ગોહીલ, ખેમજીભાઈ ચૌધરી ડીરેક્ટર બનાસડેરી વાવ રામસંગભાઈ રાજપૂત(કેશરકૃપા) વાવ માર્કેટયાર્ડના ચેરમેન રૂપસીભાઈ પટેલ નાગજીભાઈ પટેલ (વાવ તા.ભાજપ પ્રમુખ) ભરતસિંહ સોઢા, રાયમલજીભાઈ ચૌધરી, રણજીતસિંહ ચૌહાણ, ગુમાનસિંહ ચૌહાણ સહીત બહોળી સંખ્યામાં કાર્યકરમિત્રો હાજર રહ્યા હતા. અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ડીસા ભાજપ દ્વારા નમામી દેવી નર્મદે કાર્યક્રમ યોજાયો



ડીસા

દેશના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ નિમિતે સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે ત્યારે ડીસા શહેર ભાજપ દ્વારા ડીસા એસ.સી.ડબ્લ્યુ હાઈસ્કૂલ ખાતે નરેન્દ્રભાઈ જન્મદિન નિમિતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ત્યારબાદ ડીસા લાટી બજાર માં આવેલ દિવ્યાંગ ભવન ખાતે જઇ ત્યાંના દિવ્યાંગ બાળકોને મીઠાઇ આપી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિતે ડીસા ધારાસભ્ય શશીકાંત પડ્યા, પાલિકા પ્રમુખ શિલ્પાબેન માળી, પાલિકા ચીફ ઓફિસર કમલકાંત પ્રજાપતિ, જિલ્લા ભાજપ મહામંત્રી અમૃતભાઈ દવે, શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ બક્ષીમોરચના દિનેશભાઈ અનાવડીયા, અશોકભાઈ પટેલ, રાજુભાઈ ઠાકોર સહિતના ભાજપ ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસા રોટરી હોલ ખાતે કુટીર અને ગૃહ ઉદ્યોગની વસ્તુઓનું પ્રદર્શન યોજાયું



ડીસા

વિશ્વંભરમાં મોંઘવારી માઝા મૂકી છે. ઉદ્યોગોમાં ગળાકાપ હરીફાઈ થઈ રહી છે. આ વિકટ સ્થિતિમાં લઘુ ઉદ્યોગ આ કાળઝાળ મોંઘવારીનામાંથી કેવી રીતે ઉપર આવે અને તેમની બનાવેલી વસ્તુઓ બજારમાં વેચાણ થાય તેવા ઉમદા હેતુસર એક નવતર પ્રયોગ ડીસા રોટરી ક્લબ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં નાના કુટીર અને ગૃહ ઉદ્યોગમાં બનાવવામાં આવેલ વસ્તુઓની પ્રદર્શની યોજયુ હતું. જેમાં રાજપુર પ્રિન્ટ, હેન્ડવર્ક, પર્સ, ચણીયા ચોળી, જવેલરી, ડેકોરેટિવ આઈટમ, હેન્ડ બેગ, ખીચિયા, અથાણાં,ખાખરા સહિત અનેક વસતુંઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું આ પ્રસંગે ડીસા રોટરીના ડો.ચંપક જાલમોરા, ડો.હિરેન પટેલ, ડો.રીટા પટેલ, ડો ભરત મકવાણા, ડો.નવીનકાકા, ડો.ડીકેશ ગોહિલ સહિતના રોટેરિયાન મિત્રો સહિત શહેર-ીજનો ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ ગૃહઉદ્યોગ અને કુટીર ઉદ્યોગની વસ્તુ મુકવામાં આવી હતી અને વધુમાં વધુ લોકો આ વસ્તુઓને ખરીદે જેના પગલે વિદેશમાં જતું હૂંડિયામણ અટકે અને નાના અને સીમનત ઉદ્યોગોને ફરીથી બેઠા થાય એવા હેતુસર આ પ્રદર્શની યોજવામાં આવી હતી.

**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
બનાસડેરી, પો.બો.નં.૨૦, પાલનપુર - ૩૮૫ ૦૦૧
ફોન નં.(૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫

**સંતાના બટાકાનું ખેડૂતો પાસે વાવેતર કરાવી બનાસ ડેરીને પુરા પાડી શકે તેવા કોન્ટ્રાકટર જોઈએ છે.**

બનાસકાંઠા જિલ્લાના બટાકાની ખેતી કરતા ખેડૂતો પાસે સંતાના બટાકાનું વાવેતર કરાવી તેનું ગુણવત્તા યુકત ઉત્પાદન સંઘે નક્કી કરેલા નીચેના ત્રણ વિકલ્પો પૈકી.

૧. બનાસ ડેરીને, ડેરીના ભાડે રાખેલ બનાસકાંઠા કોઈપણ કોલ્ડ સ્ટોર સુધી પહોંચાડી શકે.

૨. કોન્ટ્રાકટર પોતાના કોલ્ડ સ્ટોરમાં બટાકાનો સંગ્રહ કરી ડેરીની જરૂરિયાત મુજબ કોલ્ડ સ્ટોર પરથી ડીલીવરી આપી શકે.

૩. કોન્ટ્રાકટર પોતાના કોલ્ડ સ્ટોરમાં બટાકાનો સંગ્રહ કરી ડેરીની જરૂરિયાત મુજબ કોલ્ડ સ્ટોર પરથી ડેરીના પ્રોસેસીંગ પ્લાન્ટ/ગણેશપુરા (મહેસાણા) નંદાસણ ખાતે ડીલીવરી આપી શકે.

તેવા કોન્ટ્રાકટર / કોન્ટ્રાકટરોની જરૂર છે. જેના માટે ઉપરોકત દરેક વિકલ્પ માટેનું ટેન્ડર સંઘના એકાઉન્ટ વિભાગમાં ટેન્ડર ફી ના રૂા.૧૦૦ ભરી કાર્યાલય સમય દરમિયાન મેળવી (દરેક વિકલ્પ માટે અલગથી ટેન્ડર ભરવાનું રહેશે.) તા.૨૫/૦૯/૨૦૧૯ સાંજે પાંચ વાગ્યા સુધીમાં બનાસ ડેરીના બટાકા વિભાગમાં જમા કરાવવાનું રહેશે. કોઈપણ ટેન્ડરને કોઈપણ કારણ દર્શાવ્યા વગર રદ કરવાની અબાધિત સત્તા સંઘના મેનેજમેન્ટને રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર

# તંત્રી સ્થાનેથી...

**સત્યને વળગી રહેશો તો અવશ્ય ઈશ્વરની પ્રાપ્તિ થશે.**

## સમાન નાગરિક સંહિતા

સમાન નાગરિક સંહિતાની દિશામાં કોઈ કામ ન થવાની સુપ્રીમ કોર્ટની ટિપ્પણી બાદ દેશનું ધ્યાન એ તરફ જવું જ જોઈએ કે એવી કોઈ સંહિતાનું નિર્માણ કોઈક રીતે હજુ પણ બાકી છે. સુપ્રીમ કોર્ટે જોયું કે ૧૯૫૬માં હિંદુ કાયદો બન્યા બાદ સમાન નાગરિક સંહિતાની દિશામાં આગળ વધવું જોઈતું હતું, પરંતુ એવું ન કરી શકાયું. આ પહેલી વાર નથી કે જ્યારે સુપ્રીમ કોર્ટે સમાન નાગરિક સંહિતાની દિશામાં કંઈ નહીં કરવા પર ટિપ્પણી કરી હોય. તે તેના પહેલાં પણકેટલીય વાર આ પ્રકારની ટિપ્પણી કરી ચૂકી છે, પરંતુ પરિણામ શૂન્ય રહ્યું છે. જોવાનું છે કે સુપ્રીમ કોર્ટની હાલની ટિપ્પણી બાદ સમાન નાગરિ સંહિતાના નિર્માણ માટે યોગ્ય માહોલ બનાવવાની કોઈ શરૂઆત થાય છે કે નહીં? આ યોગ્ય સમય છે કે એના પર ન માત્ર વ્યાપક ચર્ચા થાય, બલ્કે કોઈ પરિણામ પર પણ પહોંચવામાં આવે. આ કામ જેટલું જલદી થઈ શકે, એટલું જ સારું, કારણ કે પહેલાંથી જ બિનજરૂરી વિલંબ થઈ ચૂક્યો છે. આ વિલંબનું કારણ એ ચવાયેલી દલીલો છે, જે અંતર્ગત ક્યારેક એમ કહેવાતું હતું કે હજુ સમાન નાગરિક સંહિતા માટે યોગ્ય સમય નથી આવ્યો અને ક્યારેક એ કે આટલી વધુ વિવિધતા ધરાવતા દેશમાં વિવાહ અને વારસા સંબંધી કાયદો એકસમાન ન હોઈ શકે. આ દલીલો એક પ્રકારની બહાનાંબાજી છે, કારણ કે ગોવામાં સમાન નાગરિક સંહિતા લાગુ જ છે. આખરે જે વ્યવસ્થા ગોવામાં લાગુ થઈ શકે છે, તે બાકીના દેશમાં કેમ ન સ્વીકાર થઈ શકે?

નિ:સંદેહ દેશના તમામ નાગરિકો માટે સમાન સંહિતાનું નિર્માણ ફક્ત એટલા માટે ન થવું જોઈએ કે બંધારણ નિર્માતાઓએ તેની જરૂરિયાત વ્યક્ત કરી હતી, બલ્કે એટલા માટે પણ થવું જોઈએ કે દેશમાં સમાનતાનો ભાવ જાગ્રત થઈ શકે અને જાતિ તથા મજહબના આધાર પર કોઈની સાથે ભેદભાવ ન થઈ શકે. ખરું તો એ છે કે ત્રણ તલાકને ગેરકાયદે જાહેર કર્યા બાદ તેની જરૂરિયાત ઓર વધી ગઈ છે કે સમાન નાગરિક સંહિતાની દિશામાં ઝડપથી ડગ માંડવામાં આવે. જોકે આ મામલે કંઈક વધારે જ ઢીલ થઈ ગઈ છે, તેથી સરકારે સમાન નાગરિક સંહિતાના નિર્માણ મામલે એવી જ ઈચ્છાશક્તિ દર્શાવવી જોઈએ, જેવી કે તેણે કલમ ૩૭૦ને હટાવવા મામલે દેખાડી. તેને એ સ્પષ્ટ સંકેત આપવામાં સંકોચ ન કરવો જોઈએ કે તે એ વિચાર છે, જેના પર અમલ કરવાનો સમય આવી ગયો છે. બહેતર રહેશે કે સમાન નાગરિક સંહિતાનો કોઈ મુસદ્દો દેશ સામે મૂકવામાં આવે, જેથી આ સંહિતાને લઈને થનારા દુષ્પ્રચારને અટકાવી શકાય.

# શહેરની શાળાઓમાં જિનિયસને જ પ્રવેશ છે. જિનિયસ વીલ હેલ્પ ધેમ સેલ્વજ અતિ બુધ્ધિમંત વિદ્યાર્થી પોતાની મેળે જ શીખે છે

ગતાંકથી ચાલુ

દુર્યોધને ગુરૂ દ્રૌણને સવાલ કર્યો કે, 'અર્જુન શ્રેષ્ઠ બાણાવાળી ને હું કેમ નહીં ? સરખી વિદ્યા છતાં એ શસ્ત્રવિદ્યામાં કેમ વધુ પારંગત ? આપને કેમ પ્રિય ? ત્યારે ગુરૂ દ્રૌણે જે જવાબ આપ્યો તે આપણા વિદ્યાર્થીઓને પણ લાગુ પડે છે.

ગુરૂ દ્રૌણે કહ્યું, અર્જુનમાં યોગ છે, વિરલ જિજ્ઞાસા છે, તમારી બંનેની જીવનશૈલી ભિન્ન-ભિન્ન છે. બંનેનો અભિગમ જુદો છે. અર્જુને બચપણમાં દુ:ખનો અનુભવ કર્યો છે. એની દ્રષ્ટિ સર્વગ્રાહી છે. તું સુખમાં ઉછર્યો છે તારી જીવન દ્રષ્ટિ પરિપકવ થઈ નથી. અર્જુનનું ઘડતર એની અધ્યાત્મ જિજ્ઞાસાએ કર્યું છે. તારૂં ઘડતર ભૌતિક લાલસાઓથી થયું છે. તેનામાં કૃષ્ણનો ઉપદેશ ઝીલવાની પાત્રતા છે.

શહેરની શાળાઓમાં જિનિયસને પ્રવેશ છે. જિનિયસ વિલ હેલ્પ ધેમ સેલ્વજ.. અતિ બુધ્ધિમંત પોતાની મેળે જ શીખે છે જે મિડલ એબીલીટી કે મધ્યમ કક્ષાની બુધ્ધિમતા હોય તેને જ ઘનિષ્ઠતાથી શીખવવું જોઈએ. ૯૦ ટકા મેળવનાર વિદ્યાર્થીને પ્રવેશ આપનારી શાળાઓ એસ.એસ.સી.માં ૯૦ ટકા પરિણામ મેળવે અને ૪૦ ટકા મેળવનાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપનાર શાળા ૭૫ ટકા પરિણામ મેળવે તો આ બંનેમાંથી ઉચ્ચ પરિણામ કોનું કહેવાય ? નેવું ટકાએ પ્રવેશ આપનાર શાળાઓમાં દસ ટકા વિદ્યાર્થીઓ નબળા બન્યા ? અને ચાલીસ ટકાએ પ્રવેશ આપનાર શાળાએ ૩૫ ટકા વધુ સિદ્ધિ પ્રાપ્ત કરી છે કહેવાય....!

ડીસાની હાઈસ્કૂલોમાં સરેરાશ વિદ્યાર્થી મિડલ કલાસ હોય છે ને તેવા વિદ્યાર્થીઓને આ શાળાઓમાં ઘનિષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થાય છે. જોકે શીખવાની પ્રક્રિયા અને વિદ્યાર્થીની ગ્રહણશક્તિ સિવાય ઘણી બાબતો શિક્ષણમાં અસરકર્તા હોય છે .છતાં જો કોઈ વિદ્યાર્થી સવાલ કરે કે 'હું મધ્યમ વિદ્યાર્થી કેમ છું ?' તો એના સ્તરની ખુબ સુંદર છણાવટ કરીને એને ઉપયોગી થઈ શકાય પણ આવું વિચારનાર વિદ્યાર્થી કયાં ? વાલી કયાં ? વિદેશમાં શિક્ષકોને ખૂબ સન્માન આપવામાં આવે છે. એક ભારતીય પ્રોફેસર ઈટલીમાં શિક્ષણકાર્ય કરતા હતા. તેમના ઉપર કેસ થયો. તેઓ કોર્ટમાં ગયા.

જજને ખબર પડી કે તેઓ અધ્યાપક છે, તરત જ કોર્ટમાં બધાએ ઊભા થઈને તેમને સન્માન આપ્યું. તેમને બેસવા ખુરશી આપવામાં આવી. તેઓ લખે છે કે તે દિવસે હું ઈટલીની સફળતાનું રહસ્ય પામી ગયો.

અમેરિકામાં માત્ર બે પ્રકારના લોકોને વી.વી.આઈ.પી.નો દરજ્જો મળે છે. એક વૈજ્ઞાનિકને અને બીજા શિક્ષકને. ફ્રાન્સમાં ન્યાયાલયમાં ઉપસ્થિત લોકોમાંથી ફકત શિક્ષકને જ ખુરશી ઉપર બેસવાનો અધિકાર પામે છે. જાપાનમાં કોઈ શિક્ષકને પકડવા માટે પોલીસે સરકારની પરવાનગી લેવી પડે છે. કોરિયામાં શિક્ષકોને તો બધા જ અધિકારો પ્રાપ્ત થાય છે, જે ભારતમાં આઈકાર્ડ, ધરાવનાર મિનિસ્ટરોને મળે છે.અમેરિકા અને યુરોપના દેશોમાં પ્રાથમિક શિક્ષકોને સ્કૂલ વધારે પગાર આપે છે.

તાજેતરમાં સંસ્કાર મંડળ સંચાલિત ડીસાના આદર્શ વિદ્યા સંકુલના વાલીમંડળે શિક્ષકોને સન્માન આપીને સમાજને મેસેજ આપ્યો છે કે આજના યુગમાં શિક્ષણ જ શ્રેષ્ઠ છે. આજનો યુગ ઈન્ફર્મેશનનો યુગ છે. માહિતીના ઢગલામાંથી વિદ્યાર્થીઓને ઉપયોગી શું ? તેનો પણ વિવેક શીખવવો જરૂરી છે. ઈન્ટરનેટ અને મિડીયાના માધ્યમો દ્વારા ઘણું બધું જાણી શકાય છે પણ હંસદ્રષ્ટિ માટે પણ ગુરૂની જરૂર પડશે. આદર્શ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ કે.પી.રાજપૂત કે જેઓ હમણાં જ પદ ઉપર વરણી પામ્યા છે તેઓ યુવાન છે, ઉત્સાહી છે, આદર્શ હાઈસ્કૂલને એક નમુનેદાર હાઈસ્કૂલ બનાવવા માટે તેમની પાસે આગવું વિઝન છે. આદર્શ હાઈસ્કૂલને મેઘાણી સાહેબ અને શિવરામભાઈ પ્રજાપતિ જેવા કાર્યનિષ્ઠ આચાર્યો મળ્યા હતા. જેમણે આ શાળાની એક આગવી આઈડેન્ટિટી ઊભી કરી હતી. એ જ પગલે ચાલીને કે.પી.રાજપૂત શાળાને નવી દિશા આપવા ઈચ્છે છે. વાલીમંડળે તેમનું પાઘડી પહેરાવીને સન્માન કર્યું હતું. પાઘડી એટલે મોટી જવાબદારી. વાલી મંડળે મોટી જવાબદારી તેમના શિરે મૂકી છે.

પ્રાથમિક વિભાગનાં આચાર્યા હસુમતીબહેન સહાયતા તો આ સંસ્થાના શિક્ષણને જ નહીં; પણ સંસ્થાની મૂળ વિદ્યાભારતીની વિચારધારાને સમર્પિત છે. વાલીમંડળે તેમનું પણ ભવ્ય સન્માન કર્યું છે. સન્માન થયું એટલે વાલીમંડળની જવાબદારી પૂર્ણ એવું નથી તેમ વસંતભાઈ ગૌસ્વામીનું માનવું છે. આવતા વર્ષના શિક્ષક દિને પરિણામલક્ષી કાર્ય દ્વારા શિક્ષકોના કાર્યની મૂલવણી અને સન્માન થાય તેવો કોઈ પ્રકલ્પ વાલીમંડળ વિચારી રહ્યું છે.આખરે તો શાળા, શિક્ષક, સંચાલક મંડળ, સરકાર અને વાલીમંડળ ઈચ્છે છે કે આપણા વિદ્યાર્થીઓ વધુ તેજસ્વી બને.

-કનુભાઈ આચાર્ય

## યુવરાજ મલ્હોત્રા રીઆલિટી શો ના નિર્માતાની ભૂમિકામાં જોવા મળશે તારા ફ્રોમ સતારા



તારા ફ્રોમ સતારા એક કાલ્પનિક શો નો અનોખો વિષય છે જે રીઆલિટી શો ની વાસ્તવિકતાને બતાવે છે. આ દૈનિક કથા ડાન્સ ચેમ્પિયન્સની આસપાસની વાસ્તવિકતાને રજૂ કરે છે અને યુવરાજ મલ્હોત્રા કે જે ટેલિવિઝન અને ડિજીટલ શો માં એક જાણિતુ નામ છે તે ડાન્સ ચેમ્પિયનના નિર્માતા તરીકે ભૂમિકા ભજવતા જોવા મળશે.

તારા ફ્રોમ સતારા, તેના હાલના લોન્ચ સાથે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના એક ટોચના શો તરીકે ઉભરી આવ્યો છે અને અને હવે તેના એક નવા તબક્કામાં જઈ રહ્યો છે કારણકે આ શો નુ મુખ્ય પાત્ર સ્વપ્નોની નગરી મુંબઈમાં આવે છે. તારા અહિંયા ડાન્સ રીઆલિટી શો માટે આવે છે કે જેમાં તેણીની બહેને ભાગ લીધો છે અને યુવરાજ આ શો ના સર્જક તરીકે જોવા મળ્યો હતો. આ શો ને તે તેના બાળક તરીકે સંભાળે છે, ઈ એટલે કે યુવરાજ તે સ્વપ્નોને આકાર આપનાર છે. તે એક એવો વ્યક્તિ છે કે જે આ શો ના ફલોને અને શો ના સ્પર્ધકોના જીવનને નક્કિ કરે છે. આ શો વિષે તેમની ભૂમિકા વિષે જણાવતા યુવરાજે કહ્યુ, " હું રીઆલિટી શો ના નિર્માતા તરીકે જોવા મળીશ અને તેના રીઆલીટી શો તેમજ સ્પર્ધકોનુ ભવિષ્ય નક્કિ કરવા માટે હું એક સાધનરૂપ બનીશ. મેં આ શો માટે શુટીંગ શરૂ કરી દિધુ છે અને આ શો નું વાતાવરણ ખૂબ જ અદભુત છે. આવા સહ-કલાકારો સાથે શુટીંગ કરવું તેમાં ખૂબ મઝા છે અને આ કલાકારો બધી જ વયના લોકોનુ મિશ્રણ પણ છે પરંતુ મુંબઈ ભાગમાં ઘણા બધા યુવાનો છે.

## હળવાશ ભરી બોલિવૂડ ગેમ શો 'મૂવી મસ્તી વીથ મનિષ પૌલ' માટે ઝી ટીવી લાવી રહ્યા છે મનિષ પૌલ અને અલી અસગરને



શું તમે તમારી જાતને એક મૂવીના બફ માનો છો? તો, તમે તમારા ચહિતા મૂવી કલાકારની પૂજા કરો છો? તેની નાનામાં નાની વિગત એટલે સુધી કે, તેમની ઓછી પ્રસિદ્ધ ફિલ્મ વિશે પણ માહિતી મેળવો છો? તો, તમારા મૂવી માટેના જુસ્સાની ઉજવણી કરવાનો સમય આવી ગયો છે અને તે પણ થોડી મસ્તી સાથે કારણકે તમારી પાસે તે મોકો છો! ઝી ટીવી તૈયાર છે, તેની તદ્દન અત્યાધુનિક તથા આ પ્રકારની હળવાશભર્યો કોમેડી બોલિવૂડ ગેમ શો 'મૂવી મસ્તી વિથ મનિષ પૌલ'ની સાથે.

અદ્વિતિય મનિષ પૌલ દ્વાર હોસ્ટ તથા એક મસ્તીભર્યા, વિનોદી, ઓડ-બોલ બોલિવૂડની પાછળ પાગલ પરિવારથી પ્રેરિત, જે દરેક હિન્દી મૂવીની ઘરેડ તોડતા, આ શોમાં બોલિવૂડના સેલિબ્રિટીની પહેલા ક્યારેય નહીં જોવા મળેલી તથા સ્ક્રીપ્ટ નહીં કરવામાં આવેલી બાબતો જાહેર થશે, પરંતુ એક ટ્રિકી ટાસ્ક, મસ્તીભરી રમત તથા રેપિડ ફાયર ક્વિઝ દ્વારા પરંતુ આ બધું જ હશે મૂવીસ પર આધારીત! 'મૂવી મસ્તી વિથ મનિષ પૌલ'માં તમે જોશો કે, સામાન્ય માણસ (કે મહિલા!) તેની સાથે ૪ હોટ બોલિવૂડ સેલિબ્રિટી દર સપ્તાહે ગેમ શોમાં તેના સહયોગી તરીકે ભાગ લેવા આવશે જે તેના ફિલ્મ ક્વોશનને નવી ઉંચાઈએ લઈ જશે.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

## મુદિત નાયર ઇશારોં ઇશારોં મેં માં તેનાં લગ્ન માટે ઘેલો બની ગયો



આપણે બધા આપણા લગ્નજીવન માટે ઉત્સાહિત થઈએ છીએ અને ખૂબ જ અગાઉથી દરેક બાબતનું આયોજન શરૂ કરીયે છીએ. મોટાભાગના ટેલિવિઝન કલાકારો માટે, તેમના પડદા ઉપરના જીવનના લગ્ન એ બધા જ રીત-રીવાજો અને વિધિઓ સાથે વાસ્તવિક જીવનના લગ્ન જેવું છે. પણ શુટીંગનુ સિક્વન્સ ૧૦ થી ૧૫ દિવસથી વધુ સમય સુધી ચાલુ રહે છે. મુદિત નાયર, જે સોની એંટરટેઇનમેન્ટ ટેલિવિઝનના શો ઈશારોં ઈશારોં મેં માં સાંભળવાની ખામી ધરાવતા છોકરાની ભૂમિકા ભજવે છે, ટૂંક સમયમાં જ ગુંજન (સિમરન પારેંજા દ્વારા ભજવાયેલું પાત્ર) સાથે પડદા ઉપરના તેના લગ્નનો સાક્ષી બનશે. બંને અભિનેતાઓના લગ્નની ઉત્તેજના એક ઉંચા સ્તરે છે કારણ કે તેઓ તેને તેનો શ્રેષ્ઠ શુટ બનાવવામાં કોઈ જ કસર છોડતા નથી. લગ્નની તૈયારી દરમિયાન યોગી શણગારનુ આત્મનિરીક્ષણ કરી રહ્યો હતો.

## પૃથ્વી વલ્લભ ફેમ શીઝાન મોહમ્મદ તારાથી સાતારા આવ્યા હતા



સાતારાની સોની એન્ટરટેનમેન્ટ ટેલિવિઝનની તારા હજી તેના પહેલા અઠવાડિયામાં છે અને તે પ્રેક્ષકોનું ધ્યાન આકર્ષિત કરવામાં સફળ રહી છે. ડ્રામાલિટીની નવી શૈલી માટે એક નવી બાબત તરીકે આવે છે તે શોનો અનન્ય ખ્યાલ, તે નાટક અને વાસ્તવિકતાનું જોડાણ છે જે પ્રેક્ષકોના હૃદયમાં પોતાનું સ્થાન બનાવવામાં અસરકારક રહ્યું છે. શો હાલમાં તેના નાટકના ભાગમાં છે પરંતુ ટૂંક સમયમાં વાસ્તવિકતાના અનોખા સ્પર્શના ઘટસ્ફોટ તરફ આગળ વધશે. આ નવા વિકાસ સાથે, શોમાં વિવિધ નવા પાત્રોની રજૂઆત થશે. આવું જ એક નામ શીઝાન મોહમ્મદ છે. અગાઉ રાજા ભોજની ભૂમિકામાં પૃથ્વી વલ્લભના શોમાં જોવા મળતી શીઝન હવે અર્જુનની ભૂમિકા ભજવતી જોવા મળશે. તે આ શોનો પુરુષ લીડ હશે, જે રોશની વાલિયાના તારાના પાત્રની વિરુદ્ધ જોવા મળશે.

## ઝી એક્શન પ્રસારિત કરે છે, બીગ બીની લાલ બાદશાહ,૨૧મી સપ્ટેમ્બરના રોજ, સાંજે ૮ વાગે




પ્રોડ્યુસર કે. સી. બોકડિયાની ૧૯૯૯ની હિટ લાલ બાદશાહમાં અમિતાભ બચ્ચન મુખ્ય પાત્ર ભજવે છે, જે એક અત્યંત સારા દિલનો વ્યક્તિ છે, જે અન્યો માટે જીવે છે અને લોકોનો વગર પસંદ કરાયેલો રાજા છે. કે. સી બોકડિયા દ્વારા ડિરેક્ટ આ મૂવીમાં મનિષા કોઈરાલા, શિલ્પા શેટ્ટી, નિરૂપા રોય અને અમરિષ પુરી અગ્રણી ભૂમિકામાં છે. ઝી એક્શન-ઈન્ડિયાસ વન સ્ટોપ ડેસ્ટિનેશન ફોર એક્શન મૂવીસ, પ્રસારિત કરે છે, સારા અને ખરાબ વચ્ચેની અત્યંત છેવટની લડાઈ 'લાલ બાદશાહ', શનિવાર, ૨૧મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૮ વાગે. આમાં લાલ સિંહ (અમિતાભ બચ્ચન)ના જીવનની કથા છે, જે મુંબઈની એક નાનકડી બસ્તીમાં તેની માતા (નિરૂપા રોય)ની સાથે રહે છે. 'લાલ બાદશાહ' તરીકે જાણિતા એવા, આ વ્યક્તિ ગરીબો માટે એક મસિહા છે, કારણકે તે તેને શહેરની દરેક નકારાત્મક બાબતોથી રક્ષણ આપે છે. લાલ બાદશાહની સામે તેનો વિરોધી છે, વિક્રમ સિંઘ, જેને વિકી બાદશાહ (રઘુવરન), જે સ્થાનિક ગુંડો છે અને દયાલ સિંઘ (અમરિષ પૂરી)નો દિકરો છે.

## ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરાઇ



ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ ઓજોન દિવસને લઈને એક ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં, હાજર નિષ્ણાતો સાથે વિદ્યાર્થીઓએ મુક્ત મને ચર્ચા કરી સાથે જ એક ખાસ એનિમેટેડ ફિલ્મ અને એક સ્કીટ પણ રજૂ કરવામાં આવી. કાર્યક્રમમાં અંદાજે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વિજ્ઞાન પ્રસાર નિષ્ણાતો અને મીડિયા પ્રતિનિધિઓએ ભાગ લીધો જેમાં તમામે કુદરતના સુરક્ષા કવચ સમાન અને ધરતીની છત્રી સમાન ઓઝોન સ્તરની સુરક્ષા માટે કાર્યો કરવાના શપથ લીધા. વર્ષ ૧૯૮૭માં તમામ દેશોએ ઓઝોન સ્તરને નુકશાન પહોંચાડતા તત્વોને ડામવા માટે મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કર્યા હતા. તેની યાદમાં, સંયુક્ત રાષ્ટ્રોની જનરલ એસેમ્બલી દ્વારા ૧૯ ડિસેમ્બર ૨૦૦૦ના રોજ ૧૬ સપ્ટેમ્બરના દિવસને 'વિશ્વ ઓઝોન દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ વર્ષે '૩૨ ઓિફજિ ફહર્ક્ષ રીફક્ષ્ગૈહજ્ઞ', '૩૨ વર્ષ અને ઉપચાર' ની થીમ પર વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી.

ગુજરાત સાયન્સ સિટી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ક્લાયમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ ગુજરાત સરકાર અને ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

## મોદીકેરની અર્બન કલર પ્રો વ્હાઈટ સ્કિનકેર રેન્જ સાથે તમારી ભીતરની ચમકને નિખારો

ભારતની સૌથી ઝડપથી વૃદ્ધિ પામતી ડાયરેક્ટ સેલિંગ કંપની મોદીકેર લિમિટેડે આજે વ્હાઈટનિંગ સ્કિનકેર સોલ્યુશન્સની અજોડ રેન્જ અર્બન કલર પ્રો વ્હાઈટ લોન્ચ કર્યાની ઘોષણા કરી છે. પ્રો વ્હાઈટ ઈટાલીમાં રચિત મોદી-કેરના કલર કોમેસ્ટિક્સ અને સ્કિનકેર બ્રા?ડ અર્બન કલરમાં નવો ઉમેરો છે. તે ૪-ઈન-૧ રેડિયન્સ વ્હાઈટનિંગ કોમ્પ્લેક્સથી પેક્ડ છે, જે ત્વચા પર મોજૂદ કાળા ડાઘને ઓછામાં ઓછા કરીને દીર્ઘ ટકાઉ હાઈડ્રેશન પૂરું પાડીને ત્વચાના ટોનના હલકો બનાવે અને રક્ષણ આપે તે રીતે તૈયાર કરાયું છે. ૪-ઈન-૧ રેડિયન્સ વ્હાઈટનિંગ કોમ્પ્લેક્સ દ્વારા પાવર્ડ પ્રો વ્હાઈટ રેન્જની કિંમત ફક્ત રૂ. ૪૯૯ અને રૂ. ૧૬૯૯ વચ્ચે છે.

આ લોન્ચ પર બોલતાં મોદીકેર લિમિટેડના સ્થાપક અને મેનેજિંગ ડાયરેક્ટર શ્રી સમીદ મોદીએ ઉમેર્યું હતુ કે ,"મોદીકેર દ્વારા વિવિધ શ્રેણીઓમાં રજૂ કરવામાં આવતી દરેક પ્રોડક્ટે ઉદ્યોગ માટે નવું સીમાચિહન સ્થાપિતકર્યું છે. અર્બન કલર પ્રો વ્હાઈટ ટેકનોલોજીની દષ્ટિથી સ્કિનકેર પ્રોડક્ટોની આધુનિક શ્રેણી છે, જે ભારતીય ત્વચા માટે ઉત્તમ અનુકૂળ છે અને રોજબરોજના ઉપયોગ માટે આદર્શ છે. અમે જે પણ કરીએ તેમાં નાવીન્યતા અને હેતુ હાર્દમાં રાખીને કરીએ છીએ જેને આધાર પર જ અર્બન કલર લાવ્યા છીએ, જે લાખ્ખો ભારતીયોને ભીતર તેજસ્વિતા આપવા સાથે તેમના જીવનનાં દરેક પાસામાં 'આઝાદી' હાંસલ કરવામાં મદદરૂપ પણ થાય છે."

## અભિષેક અને ઇલિયાનાની ફિલ્મનુ શુટિંગ શરૂ થઇ ગયુ

મુંબઈ

નિર્દેશક અનુરાગ કશ્યપની ફિલ્મ મનમર્જિયા ફિલ્મમાં જોરદાર ભૂમિકા અદા કર્યા બાદ હવે અભિષેક બચ્ચન ફરી એક ફિલ્મમાં કામ કરવા જઇ રહ્યો છે. નવી ફિલ્મમાં અભિષેક બચ્ચન ઈલિયાના ડી ક્રુઝ સાથે નજરે પડનાર છે. અભિષેક બચ્ચન લાંબા સમય બાદ કોઈ ફિલ્મમાં કામ કરવા જઇ રહ્યો છે. આ વખતે અભિષેક નિર્દેશક કુકી ગુલાટીની ફિલ્મમાં નજરે પડનાર છે.

## ભોજપુરી કલાકાર વિક્રાંત સિંહ કલર્સના વિદ્યાથી પોતાની ટીવી કારકિર્દીનો શુભારંભ કરે છે




કલર્સે તાજેતરમાંજ 'વિદ્યા' શો રજુ કર્યો છે. એમાં એક અભણ છોકરી વિદ્યાની ક્રમબદ્ધ વાત છે જે સંજોગોવશાત અંગ્રેજીની શિક્ષક બને છે. શોમાં મીરા દેવસ્થળે વિદ્યા નામનો રોલ કરે છે અને નમિષ તનેજા જીલ્લા મેજીસ્ટ્રેટ વિવેક વર્ધન સિંહની ભૂમિકા નિભાવે છે. આ શોમાં હવે પ્રવેશ પામે છે એક અન્ય કલાકાર વિક્રાંત રાજપૂત સિંહ, જે અવતાર સિંહનો રોલ અદા કરશે અને વિદ્યાના જીવનમાં જીવંત ફેરફારો લાવશે.

હાલ આ શોમાં વિદ્યાને શિક્ષકની નોકરીની જરાયે ફાવટ નથી, તે અકળાય છે, ભાષા પર પ્રભુત્વ મેળવવા ખૂબ સંઘર્ષ કરે છે. એ પોતાના પરિવારના સભ્યોને પોતાને નોકરી કરવા શાળાએ ના મોકલવા ઘણું સમજાવે છે ત્યારે એના દરવાજે બીજો જ પ્રશ્ન ટકોરા દે છે. વિદ્યાના ભાઈ જેવો જ અવતાર સિંહ આ પાળે એના જીવનમાં એક પ્રભાવશાળી વ્યક્તિ તરીકે આવે છે. તે એને ધમકી આપે છે કે કાં તો નિશાળે જઈને ભણાવ કાં તારા પરિવારને જોખમમાં નાખી દઈશ. અવતાર સિંહ ખૂબ જાણીતો મલ્લ, સ્થાનિક રાજકારણી છે અને એજ સમયે એ પૂરેપૂરો હનુમાન ભક્ત પણ છે.તેને ૪૫ ની આયુ સુધી બ્રહ્મચારી રહેવાનો નિર્ણય લીધો છે. એનો પ્રવેશ વિદ્યાના જીવનમાં અણધાર્યો ફેરફાર લાવશે. પોતાના પાત્ર અંગે વિક્રાંત જણાવે છે, "કલર્સના વિદ્યામાં અવતાર સિંહની ભૂમિકા કરીને ટેલીવિઝનમાં પદાર્પણ કરતાં હું ગૌરવ અનુભવું છું. આ શોનો અભિગમ પરાણે ગમે તેવો છે અને ઉપયુક્ત છે કે હું એને ના પાડી શક્યો નથી.

## આલ્ફા કોલેજ ઓફ એન્જીનીયરીગ & ટેક્નોલોજી ખાતે વડાપ્રધાન મોદીના જન્મદિવસ નિમિતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન



આપણા આદરણીય પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્ર મોદીના સ્વચ્છ અને હરિયાળા ભારતની દ્રષ્ટિને સમર્થન આપવા આલ્ફા કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીએ એક વિશાળ 'વૃક્ષારોપણ' હાથ ધર્યું અને ૬૯ વૃક્ષો વાવીને એક રીતે શ્રી નરેન્દ્ર મોદીજીને તેમના ૬૯ મા જન્મદિવસ પર હાર્દિક શુભેચ્છાઓ આપી.

સંપૂર્ણ આલ્ફા પરિવાર વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને તેમની નીતિઓ અને વાતાવરણની સુરક્ષામાં સંપૂર્ણ સમર્થન સાથે ઉભા છે. આલ્ફા કોલેજના અધ્યક્ષ અને મ્યુનિસિપલ કાઉન્સેલર ગોતા વાર્ડ, એએમસી; શ્રી. સુરેશભાઇ એમ. પટેલ અને વાઇસ ચેરમેન શ્રીમતી. સંગીતા રાજેએ આ કાર્યક્રમ દરમ્યાન આચાર્ય, મોટી સંખ્યામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે માનનીય વડા પ્રધાનને તેમની શુભેચ્છાઓ પાઠવી; અને એક રીતે રાષ્ટ્રના વડા પ્રધાનના સ્વપ્નને પૂર્ણ કરવામાં ફાળો આપ્યો.

### પ્રભારી મંત્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં મોડાસા સહિત

# અરવલ્લી જિલ્લામાં ૩૨ સ્થળોએ નમામિ દેવી નર્મદે મહોત્સવની ઉજવણી સંપન્ન






## જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો - બે શહેરોને આવરી લઈ નદી-તળાવોની આરતી જળપૂજન સાથે શ્રીફળ પધરાવાયાં

(પ્રતિ.) અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં પણ નમામિ દેવી નર્મદે મહોત્સવ ૨૦૧૯ની ઉજવણી અંતર્ગત જિલ્લામાં ૩૨ સ્થળોએ નદી-તળાવોની આરતી સહ જળપૂજન સાથે શ્રીફળ પધરાવીને કરવામાં આવી હતું.

જેમાં મોડાસા હાઈસ્કૂલમાં પ્રભારી મંત્રી રમણલાલ પાટકર,જિલ્લા ભાજપ પ્રમુખ રણવીસિંહ ડાભી,મહામંત્રી શામળભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાતની જીવાદોરી સમાન નર્મદાના નીરથી ૧૩૮.૮૬ મીટરની મહત્તમ સપાટીએ પહેલીવાર સરદાર સરોવર ભરાયો એની ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. રેલી સ્વરૂપે મંત્રીશ્રી અને હોદ્દેદારો, કાર્યકરો ઓધારી તળાવે જઈને આરતી, જળપૂજન કરીને શ્રીફળ પધરાવવામાં આવ્યું હતું અને સ્વચ્છતા માટે અને પ્લાસ્ટિકને તિલાંજલિ આપવા માટે ઉપસ્થિત સૌએ સામુહિક સંકલ્પ કર્યા હતા.

તે પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને તેમના જન્મ દિવસ નિમિત્તે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં તમામ દર્દીઓને ફળફળાદીનું વિતરણ પ્રભારી મંત્રીશ્રીના હસ્તે કરીને ખાસ વડાપ્રધાનને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

આ ઉપરાંત તાલુકા હેલ્થ કચેરીએ આયુષ્યમાન અને માં અમૃતમ કાર્ડનું તમામ લાભાર્થીઓને પ્રભારી મંત્રી રમણલાલ પાટકરના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતુ. આજે ૩૦ જિલ્લા પંચાયત બેઠકો અને બે શહેરોમાં મળી ૩૨ સ્થળોએ નમામિ દેવી નર્મદે મહોત્સવની ઉજવણી જિલ્લા વહીવટી તંત્ર અને પદાધિકારીઓ, કાર્યકરોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.

# મોદીએ બટરફ્લાય ગાર્ડનમાં પતંગિયાને ઉડાડીને મુકત કર્યા

અમદાવાદ

કેવડિયા ખાતે વડાપ્રધાન મોદી આજે સવારે ગાંધીનગરથી સીધા કેવડિયા પહોંચ્યા હતા. તેમણે નમામિ દેવી નર્મદમ કાર્યક્રમ અંતર્ગત ૭૦મા જન્મદિવસે નર્મદાના નીરના વધામણાં કર્યા હતા. દરમ્યાન તેમણે કેવડિયા ખાતે આવેલા વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. ઉપરાંત બટર ફ્લાય ગાર્ડનની મુલાકાત લઈને પતંગિયાને ઉડાડ્યા હતા. વિવિધ સાઈટની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નર્મદાના નીરના વધામણાં કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ૭૦મા જન્મદિને છલોછલ ભરેલા સરદાર સરોવર ડેમ ખાતે નર્મદા મૈયાની મહાઆરતી ઉતારી હતી. સાથે જ તેમણે ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટીએ પહોંચેલા નર્મદાના નીરના વધામણા કર્યા હતા. પ્રસિદ્ધ ભાગવત કથાકાર વિરંચીપ્રસાદ શાસ્ત્રીની આગેવાનીમાં નર્મદા કાંઠાના ૧૦૦ વિદ્વાન ભૂદેવોએ આ પ્રસંગે વેદોક્ત મંત્રોચ્ચાર કર્યા હતા. વડાપ્રધાને પરંપરાગત રીતે શ્રીફળ અને ચુંદડી નર્મદા નદીમાં અર્પણ કરી હતી. દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે કેવડિયા પહોંચીને સ્ટેચ્યૂ ઓફ યુનિટી એક વીડિયો ઉતારીને તેમના ટ્વિટર પેજ પર શેર કર્યો હતો. વડાપ્રધાન મોદીએ એક બાદ એક જગ્યાએ મુલાકાત લીધી હતી. જેમાં જંગલ સફારી ટુરીસ્ટ પાર્ક, ખાલવણી ઈકો ટુરીઝમ સાઈટ, કેકટસ ગાર્ડન, સરદાર સરોવર ડેમ સાઈટ, બટર ફ્લાય ગાર્ડન, એકતા નર્સરીમાં ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટના પ્રોડક્શન સ્થળની મુલાકાત લીધી હતી. તેમની સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના મહાનુભાવો જોડાયા હતા. નર્મદાના નીરના વધામણાં કરીને વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ ન્યૂટ્રિશન પાર્કની મુલાકાત લીધી હતી. મોદી નર્મદા ખાતેની વિવિધ પ્રકલ્પોની મુલાકાત લઈ નવા આકર્ષણો અને પ્રવાસીઓ ઉભી કરાયેલી સુવિધાઓથી ભારે પ્રભાવિત થયા હતા. તેમણે નવા આકર્ષણો અને સુવિધાઓને બિરદાવી હતી. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ પ્રથમવાર પૂર્ણ કક્ષાએ ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટી સુધી ભરાયો છે. યોગાનુયોગે આજે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૦મો જન્મદિવસ હતો, નર્મદાના નીરના વધામણા અને મહાઆરતી બાદ વડાપ્રધાન સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી અને જાહેરસભાને પણ સંબોધી હતી. ત્યારબાદ કેવડિયાથી રવાના થયા બાદ તેઓ ગાંધીનગર પહોંચ્યા હતા. રાજભવન ખાતે મહત્વની બેઠક યોજયા બાદ તેઓ દિલ્હી રવાના થયા હતા. નર્મદા ડેમ આજે ૧૩૮.૬૮ મીટરની પૂર્ણ સપાટીએ છલકાયો હતો. ગુજરાતના જનજનમાં મા નર્મદાના જળને નમામિ દેવી નર્મદે મહોત્સવથી વધાવવાનો અનેરો ઉમંગ ઊત્સાહ જોવા મળ્યો હતો. રાજ્યભરમાં મંત્રી મંડળના સભ્યો સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં તમામ જિલ્લા મથકોએ મુખ્ય કાર્યક્રમો તથા તાલુકા મથકોએ પણ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. એટલું જ નહી તમામ જિલ્લા પંચાયત સીટ દીઠ નમામિ દેવી નર્મદે મહોત્સવમાં વિવિધ રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યભરમાં ગામો તથા નગરોમાં સવારે લોકમાતા મા નર્મદા નીરના વધામણા શ્રીફળ ચુંદડી અર્પણ કરીને મહાઆરતી કરાઇ હતી. સાથે સાથે નદી કાંઠા, તળાવો, ચેકડેમ જેવા જળસ્ત્રોતોની સફાઇ પણ હાથ ધરાઇ હતી. સાથોસાથ ગ્રીન ગુજરાતની સંકલ્પના સાકાર કરતા વૃક્ષારોપણ કાર્યક્રમો પણ આ મહોત્સવ અંતર્ગત યોજાયા હતા.

## સાબરકાંઠા જિલ્લામાં "કારકિર્દી આયોજન" સપ્તાહની ઉજવણી કરાશે

પ્રતિનિધી સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લા રોજગાર કચેરી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તથા જિલ્લા માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે જિલ્લાની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. આગામી ૨૩ સપ્ટેમ્બરથી શરૂ થનાર કારકિર્દી આયોજન સપ્તાહ દરમિયાન શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજાશે.

વિદ્યાર્થીઓને તેમની ભાવિ કારકિર્દી અંગે માર્ગદર્શન મળી રહે તે માટે આગામી ૨૩ સપ્ટેમ્બરથી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. જેમાં ક્વિઝ સ્પર્ધા, કારકિર્દી વાર્તાલાપ, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વાલી સંમેલન, પ્રદર્શન, ચર્ચા સભા જેવા કાર્યક્રમ જેવી વિવિધ પ્રવૃતિઓ મારફતે વિદ્યાર્થીઓને તેમની ભાવિ કારકિર્દી અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે. તેમજ આ સ્પર્ધાઓમાં જિલ્લાકક્ષાએ નંબર મેળવનાર વિજેતાને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીથી પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવશે.

## સાબરકાંઠાની રાષ્ટ્રીય લોક અદાલતમાં ૩૩૦૮ કેસોનો નિકાલ કરાયો

પ્રતિનિધી સાબરકાંઠા

જિલ્લાની કોર્ટમાં પડતર કેસોનું ભારણ ઘટાડવા તેમજ સમાધાનથી કેસોનો નિકાલ થાય તે હેતુસર સાબરકાંઠા જિલ્લા કાનુની સેવાસત્તા મંડળ દ્વારા કોર્ટમાં દાખલ થયેલા તેમજ દાખલ થાય તે પહેલાના પ્રિલીટીગેશન કેસોના નિકાલ માટે તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ લોક અદાલત યોજાઇ હતી.

લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, બેંક લેણાં- ચેક રીટર્નના, મોટર એકસીડન્ટ ક્લેઈમ, લગ્ન વિષયક, મજુર અદાલત, જમીન સંપાદન, ઈલેક્ટ્રીસીટી તથા પાણી બિલને લગતા કેસો તેમજ પગાર ભથ્થા અને નિવૃતિ લાભો બાબતેની સર્વિસ મેટરો , રેવન્યુ કેસો, દિવાની (ભાડા, સુખાધિકારના કેસો મનાઇ હુકમના દાવા, કરાર પાલનના દાવા) વગેરે પ્રકારના કેસ રજૂ થયા હતા. જેમાં સાબરકાંઠા જિલ્લાના તમામ જ્યુડીશયલ અધિકારીઓ,વકીલો,જુદી જુદી વિમા કંપનીઓ,ફાઈનાન્સ કંપનીઓ, બેંકોના જવાબદાર અધિકારીઓ તથા હાજર પક્ષકારોની ઉપસ્થિતીમાં યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલતમાં દિવાની તથા ફોજદારીને લગતા ૩૩૦૮ કેસોનો નિકાલ કરાયો હોવાનુ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# મોદીના બંદોબસ્તમાં તૈનાત પીએસઆઈની આત્મહત્યા

અમદાવાદ

રાજપીપળા કેવડિયા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમના બંદોબસ્ત દરમ્યાન નવસારીના એલઆઈબીના પીએસઆઇ એન.સી. ફિણવિયાએ રિવોલ્વરની આત્મહત્યા કરી છે. પીએસઆઈએ ઉપરી અધિકારીની હેરાનગતિથી આત્મહત્યા કરી હોવાનું ખુલ્યું છે. પીએસઆઈએ અંતિમ ચિઠ્ઠી લખીને આત્મહત્યા કરી હોવાની વિગતો સામે આવતાં ભારે ચકચાર મચી ગઇ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કેવડિયા કોલોની ખાતે સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે આવ્યા હતા. જેને લઈ નવસારી, વડોદરા, ભરૂચ જિલ્લાની પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. નવસારી એલઆઈબીમાં ફરજ બજાવતા પીએસઆઈ એન.સી.ફિણવિયાનો સર્કિટ હાઉસ ખાતે પોઈન્ટ હોવાથી ફરજ પર હાજર હતા.

સાડા દસ વાગ્યાની આસપાસ પીએસઆઈ ફિણવિયાએ સર્કિટહાઉસના મુખ્ય ગેટ પર ફરજ બજાવતા પીએસઆઈ એમ બી કોં-કણી પાસેથી ફોટો પડાવવાના બહાને સર્વિસ રિવોલ્વર માંગતા તેમણે આપી હતી. ત્યારબાદ ફિણવિયાએ સર્કિટ હાઉસના ગ્રાઉન્ટ ફ્લોરના પેસેજ પાસે કપાળમાં ગોળી મારી આત્મહત્યા કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, ઉપરી અધિકારીઓના દબાણ અને હેરાનગતિના કારણે તેમણે આત્મહત્યા કરી હતી. ઘટનાને પગલે નવસારી પોલીસના અધિકારીઓએ પણ બંદોબસ્તમાંથી ઘટનાસ્થળે દોડવું પડ્યું હતું. વીવીઆઈપી બંદોબસ્ત દરમિયાન નવસારી એલઆઈબીમાં ફરજ બજાવતા પીએસઆઈ એન.સી.ફિણવિયાએ સર્કિટ હાઉસ ખાતે આત્મહત્યા કરી હતી. ફિણવિયા પાસેથી એક સ્યૂસાઈડ નોટ પણ મળી હતી. તેઓ ૨૦૧૩ની બેચના પીએસઆઈ હતા. પીએસઆઇ ફિણવિયાએ ઉપરી અધિકારીઓના સતત ત્રાસના કારણે આત્મહત્યા કરી હોવાની વાત સામે આવતાં પોલીસ બેડામાં પણ ભારે ચકચાર મચી ગઇ હતી.

## ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના ખોટા લેટર પેડનો ઉપયોગ કરાયો : અરવલ્લી ક્ષત્રિય ઠાકોર સેના

(પ્રતિ.) અરવલ્લી

બાયડ તાલુકા જીકેટીએસ પ્રમુખ ખાંટ મુકેશભાઈની સહી સાથે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના લેટરપેડ પર બાયડ વિધાનસભાની ટૂંક સમયમાં યોજાનાર ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે ધવલસિંહ ઝાલાના બદલે અદેસિંહ ચૌહાણને બાયડ વિધાન સભાની ટિકિટ આપવાની માંગ કરતો ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીને ઉલ્લેખીને લખેલો પત્ર સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા બાયડ તાલુકાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનામાં પણ હડકંપ મચ્યો હતો. ‘

બીજીબાજુ ધવલસિંહ ઝાલાના વિરોધી જૂથ પણ ગેલમાં આવી જતા અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોરના પ્રમુખ સંજય સિંહ ઠાકોરે સોશ્યલ મીડિયામાં વિડીયો વાઈરલ કરી ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના ખોટા લેટર પેડનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો ખુલાસો કર્યો હતો.

અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયસિંહ ઠાકોરના સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલ વીડિયોમાં દ્વારા જાહેર કર્યું છે કે, કોંગ્રેસની કુટીલ રાજનીતિ રહી છે કઈ રીતે ભાગલા પાડી ઠાકોર સેનાને તોડી એકતા મંચને તોડી કઈ રીતે ચૂંટણી જીતવી એના માટે એક યુવાનને હાથો બનાવી તાલુકા પ્રમુખનું ખોટું લેટર પેડ છાપ્યું હોવાનું અને ખોટી રીતે ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીને ખોટી રીતે લેટર પેડ લખ્યો હોવાનું જણાવી તેને ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાનું મેન્ડેડ હોય કે કોઈ પ્રમાણ હોય તો રજુ કરવાનું જણાવી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અરવલ્લી જીલ્લામાં ક્ષત્રિય ઠાકોર સેનામાં સમાજના ઉદ્ધાર માટે બનેલ સંગઠનમાં રાજકીય પ્રવેશ થતા ક્ષત્રિય ઠાકોર સેનામાં ભંગાણ સર્જાયું છે ક્ષત્રિય ઠાકોર સેનામાં જોડાયેલા યુવાનોમાં પણ અનેક મતમતાંતર હોવાનું એક યુવકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે નર્મદા મહોત્સવ યોજાયો

### જિલ્લા પ્રભારી મંત્રી ઇશ્વરસિંહ પટેલે કાંકણોલ ખાતે નર્મદાના નીરની વધામણી કરી



(પ્રતિ.) સાબરકાંઠા

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પરનો સરદાર સરોવર ડેમ પૂર્ણ કક્ષાએ ભરાવાની ઐતિહાસિક ઘટનાનો ઉત્સવ સમગ્ર રાજયમાં ઉજવવામાં આવ્યો જે અંતર્ગત સાબરકાંઠાના હિંમતનગર ખાતે સહકાર અને રમતગમત તથા જિલ્લા પ્રભારી મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં નર્મદાના નીરની વધામણી કરવામાં આવી હતી.

કાંકણોલ ગામે લોકમાતા મા નર્મદા નીરના વધામણાં શ્રીફળ, ચુંદડી અર્પણ કરી મહાઆરતી કર્યા બાદ પ્રભારી મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતની સમૃદ્ધિના દ્વાર ખોલનાર સરદાર સરોવર નર્મદા ડેમ તેની પૂર્ણ સપાટી ૧૩૮ મીટરથી પણ વધુ ભરાતા સાબરકાંઠા જિલ્લો પણ મા નર્મદાના નીરથી લીલોછમ્મ અને હરીયાળો બન્યો છે જેના થકી ખેડૂતોએ સમૃધ્ધિનુ વાવેતર કર્યુ છે.

વધુમાં મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકારે પાણીની ચિંતા કરી છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ જળ અભિયાન થકી સાબરકાંઠામાં જળ સંચયના કામ કર્યા છે જેમાં વર્ષ ૨૦૧૮માં રૂ. ૧૦.૩૨ કરોડના ખર્ચે ૯૧૨ કામો પૂર્ણ કરવામાં આવ્યા જેના થકી ૭૨ મી.ઘ.ફૂટ પાણી સંગ્રહમાં વધારો થયો છે. જયારે ચાલુ સાલ વર્ષ ૨૦૧૯માં રૂ.૧૧.૯૧ કરોડના ખર્ચે જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા ૫૫૯ જળસંચયના કામો કરવામાં આવતા. ભૂર્ગભમાં ૩૯.૭૦ મી.ઘ.ફૂટ પાણીની સંગ્રહ શક્તિમાં વધારો થયો છે. મંત્રીએ રાષ્ટ્રના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની દિર્ઘદષ્ટિની વાત કરતા જણાવ્યું હતું કે, વર્ષમાં ૨૦૧૪માં પ્રધાનમંત્રી બનતાની સાથે ૧૭માં દિવસે જ નર્મદા બંધની ઉંચાઇ વધારવાની મંજૂરી આપવાની સાથે ગુજરાતને વર્ષોથી થતા અન્યાયને પણ દૂર કર્યો છે. તેમણે નર્મદા આધારીત સુજલામ સુફલામ યોજના થકી છેવાળના ગામોને પીવાના પાણીની પણ ઉપલબ્ધિ કરાવી હોવાનું મંત્રી શ્રીએ ઉમેર્યુ હતું.

આ પ્રસંગે સાસંદ શ્રી દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, ગુજરાતની જીવાદોરી અને લોહપુરૂષ સરદાર પટેલની સ્વપ્રસરિતા સમી નર્મદા યોજના ભૂતકાળમાં છ-છ દાયકા સુધી વિવાદોમાં અટવાયેલી રહી જેને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાને મંજૂરી આપી ગુજરાતીઓના સમૃધ્ધિઓમાં વધારો કર્યો છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતના નર્મદા ડેમ અને પંજાબના ભાંખરા-નાંગલ યોજનાની એક સાથે શરૂઆત કરી હતી પરંતુ ગુજરાતની આ યોજના વિરોધીઓએ પરીપૂર્ણ થવા ન દિધી જયારે પંજાબની યોજના કાર્યરત થતા તેના ખેડૂતોને સિંચાઇ-પિયતનો લાભ મળતા આર્થિક રીતે વધુ સમૃધ્ધ બન્યા જયારે ગુજરાતીઓનું સ્વપ્ન આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી થકી પરીપૂર્ણ થયું છે.

નર્મદા મહોત્સવની ઉજવણી પ્રસંગે જિલ્લા પ્રભારી સચિવ ડૉ.જયંતિ રવિ, કલેકટર પ્રવિણા ડી.કે, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ પટેલ, જિલ્લા અગ્રણી જે.ડી.પટેલ, જેઠાભાઈ પટેલ, કું કૌશલ્યાકુંવરબા, સંતો-મહંતો, ગામના આગેવાન તેમજ મોટી સંખ્યામાં આસપાસના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે ધનસુરા ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



(પ્રતિ.) અરવલ્લી

વડાપ્રધાનના જન્મદિન ૩૭૦ ની કલમ નાબુદ કરવા અને પંડિત દિનદયાળ ઉપાધ્યાય ના જન્મદિન નિમિત્તે ભારતીય જનતા પાર્ટી ડૉકટર સેલ અરવલ્લી દ્વારા ધનસુરા શિરીષભાઈ શાહના દવાખાના પાસે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો.જેમાં મોટી સંખ્યામાં ગામલોકો એ લાભ લીધો હતો.જેમાં ડૉકટર શિરીષભાઈ શાહ સહિત ના ડૉકટરરો ધ્વારા સેવા આપવામાં આવી હતી. જેમાં વિવિધ રોગોની સારવાર આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ.શિરીષભાઈ શાહ,ડૉ ગાયત્રીબેનપંચાલ,ડૉ રીનાબેન અસારી,ડૉ વિપુલભાઈ પટેલ, ડૉ.મિત એસ.શાહ, ડૉ.કશ્યપભાઈ ભાવસાર ધ્વારા સેવા આપવામાં આવી હતી.

## ધનસુરા તાલુકા આરોગ્ય કચેરી “સરગવા કેરૂં સ્વર્ગ” અંતર્ગત પંચવટીમાં ૫૦ સરગવાના વૃંક્ષની રોપણી



(પ્રતિ.) અરવલ્લી

ધનસુરા તાલુકામાં પ્રજાજનોની આરોગ્ય લક્ષી સેવાઓ માટે સતત કાર્યશીલ રહેતી ધનસુરા તાલુકા આરોગ્ય કચેરી દ્વારા સરગવા કેરા અમૃત સમાન સંજીવની રૂપી ઔષધીય ગુણથી ભરપૂર વૃક્ષની જનજાગૃતિ થાય તથા રોજબરોજના વપરાશમાં ખોરાકની પદ્ધતિઓમાં સર ગવાનો વ્યાપ વધે તે હેતુથી પંચવટી ખાતે “સરગવા વન” અને સરગવા કેરું સ્વર્ગ” અંતર્ગત ૫૦ સરગવાના વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, સાબર ડેરીના ચેરમેન કાંતિભાઈ પટેલ, ધનસુરા સરપંચ યશવંતભાઈ પટેલ, તાલુકા પ્રમુખ કનુભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી ભુપેન્દ્રભાઈ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી યોગેશ ગોસ્વામી, વનવિભાગના ચૌધરી અને તાલુકા આરોગ્ય કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધનસુરા તાલુકા આરોગ્ય અધિકારી યોગેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, અરવલ્લી જીલ્લામાં સૌ પ્રથમ ધનસુરામાં “સરગવા કેરું સ્વર્ગ” નું નિર્માણ કરવામાં આવ્યું છે.

સરગવાના બી હૃદયરોગ, ડાયાબિટિઝ જેવા રોગમાં સૌથી ઉત્તમ ફાયદાકારક સાબિત થાય છે તો સાથે સાથે તેમાં ભરપૂર માત્રામાં ખાસ પ્રકારનું એન્ટિ ઓક્સિડેન્ટ મળી આવે છે જે કેન્સરના રોગ સામે રક્ષણ આપે છે. સરગવાની સીગોમાં પ્રોટિન, એન્ટિ ડાયાબિટિક તત્વો અને બીજા કેટલાક પોષક તત્વો હોય છે જે શરીર માટે નુકસાનકારક કોલેસ્ટ્રોલને જમા થતા રોકે છે અને ચોક્કસ કેન્સર અને તેની ગાંઠ થતા પણ રોકે છે. સરગવાનું ભરપૂર સેવન કરવા થી પાંડુરોગ સામે મહિલાઓ સહીત તમામ લોકોને રક્ષિત થઇ શકે છે ધનસુરા તાલુકાના ઘરે ઘરે “સરગવા” નું મહત્વ પણ આગામી દિવસોમાં જનજાગૃતિ રૂપે પહોંચાડવા માં આવશેનું જણાવ્યું હતું.

## મેમદપુર જીલ્લા...

પાના નં .૩ ચાલુ

અને સેવા દિન તરીકે મેમદપુર સીએચસી દવાખાનામાં દર્દીઓને ફુટ વિતરણ કરવામાં આવ્યું.જેમાં મેમદપુર સીટના ઈન્ચાર્જ રામજીભાઈ કરેણ, સરપંચ મંગુબેન ભાટીયા, મેમદપુર તા.પં સદસ્ય રાજુજી રાઠાડ, ટીપીઓ દેશમુખ, આગેવાનોમાં મોબતાજી રાડોડ, લક્ષમણસિહ રાઠાડ, પરબતજી રાડોડ, મનુભાઈ પટેલ, હરીભાઈ લોહ, વશરામભાઈ ભાટીયા, નાનજી ભાઈ ભાટીયા, રમેશભાઈ ઠાકોર, નરેશભાઈ ઉપલાણ, ખુમાજી, હરીભાઈ જેગોડા, શાળા આચાર્ય પ્રતાપજી સોલંકી, અશ્વિનસિહ સોલંકી, મૂકેશભાઈ ભાટીયા, વિનોદ જી ઠાકોર, ના.મામ.પંડયા જી, પ્રવીણભાઈ હટાર, લક્ષમણભાઈ ભટોળ, સૂર્યાબેન તેમજ તલાટી કમ મંત્રી દિનેશભાઈ મેમદપુર, મેગાળ, પેપોળ, પ્રા.શાળાનો સ્ટાફ ગણ, વિધાર્થીઓ તથા ગ્રામ જનોં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં અને સૌને મેધ લાડુ આપીને મોં મીઠ્ કરાવ્યું હતું અને ગ્રામજનો ઉપસ્થિત રહેવા બદલ સરપંચે આભાર વ્યક્ત કર્યો હતો.

## ડીસાના મુખ્ય...

પાના નં .૮ ચાલુ

તેમજ નાનાં ભૂલકાઓને સ્કૂલે મુકવા આવતા વાલીઓ સહિત અન્ય વાહન ચાલકોને અકસ્માતનો સતત ભય રહે છે. તેમ છતાં ટ્રાફિકની ગંભીર સમસ્યા બાબતે સ્કૂલ સંચાલકોએ ક્યારે પણ દરકાર લીધી નથી.શહેરના પેચીદા પ્રશ્ન મામલે ટ્રાફિક પોલિસનું પણ વારંવાર ધ્યાન દોરવા છતાં આજદિન સુધી આ સમસ્યા બાબતે કોઈજ પગલાં ભરાતા નથી. જેના કારણે ઉલટાનું દિન પ્રતિદિન આ સમસ્યા વિકરાળ બનતી જાય છે. ત્યારે જિલ્લા પોલીસ વડા આ બાબતે સજાગતા દાખવે તેવો જનમત પ્રવર્તે છે.

## ડીસા ઓવરબ્રિજ...

પાના નં .૮ ચાલુ

ંખિલાસરી નાખવામાં આવી નથી. માત્ર નીચેના ભાગે માટી પર કોંક્રીટ કરી દેવામાં આવ્યું છે. જોકે આવી સામાન્ય ગટરના કામમાં જો ગેરરીતિ થતી હોય તો પછી ઓવરબ્રિજમાં કેટલી ગેરરીતિ અને હલકી ગુણવત્તાનું મટીરીયલ વપરાશે તે કલ્પના કરવી પણ અઘરી છે. જોકે ખરેખર ટેન્ડરની શરતમાં ગટરના કામમાં ખિલાસરીનો ઉપયોગ કરવાનું નથી. તો ટેન્ડરમાં પણ મોટી ખામી ગણી શકાય. પરંતુ જો એજન્સીને ગટરનું કામ યોગ્ય અને શરતો મુજબ કરવાનું હતું તો કેમ મોડી રાત્રે મિક્સર મશીન દ્વારા ગટરનું કામ કરવામાં આવ્યું તે પણ સવાલ છે. સાથે નેશનલ હાઈવેના કોઈજ અધિકારી, એન્જીનીયરની હાજરી વગર કામ કેમ કરાયું તેવા અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. જોકે, અગાઉ એજન્સીએ પોતાના કેટલાક લોકોની મિલકતને બચાવવા ઓવરબ્રિજના નકશામાં પણ ફેરફાર કર્યો હતો. પરંતુ ડીસાની જાગૃત પ્રજાએ કલેકટર સમક્ષ રજૂઆત કરતા કલેકટરએ આખરે નકશામાં કોઈજ ફેરફાર ન કરવા દઈ એજન્સીની મેલી મુરાદ પુરી કરવા દીધી નહોતી. જેથી હવે એજન્સી હલકી ગુણવતાનું મટીરીયલ વાપરી સરકારના ટેન્ડરને ઘોળીને પી જવા માંગે છે ત્યારે ડીસાની જનતા પણ ટેન્ડરની સરતો મુજબ કામ થાય છે કે કેમ તેના પર ધ્યાન રાખી ગેરરીતિ બહાર લાવે.જોકે હાલ ઉભા થઈ રહેલ પિલરમાં પણ ખિલાસરી યોગ્ય છે કે કેમ ટેન્ડરની શરતો મુજબ પિલર છે કે કેમ તે બાબતે પણ તપાસ થવી જોઈએ.

## ડીસા ઓવરબ્રિજ...

પાના નં .૮ ચાલુ

ંખિલાસરી નાખવામાં આવી નથી. માત્ર નીચેના ભાગે માટી પર કોંક્રીટ કરી દેવામાં આવ્યું છે. જોકે આવી સામાન્ય ગટરના કામમાં જો ગેરરીતિ થતી હોય તો પછી ઓવરબ્રિજમાં કેટલી ગેરરીતિ અને હલકી ગુણવત્તાનું મટીરીયલ વપરાશે તે કલ્પના કરવી પણ અઘરી છે. જોકે ખરેખર ટેન્ડરની શરતમાં ગટરના કામમાં ખિલાસરીનો ઉપયોગ કરવાનું નથી. તો ટેન્ડરમાં પણ મોટી ખામી ગણી શકાય. પરંતુ જો એજન્સીને ગટરનું કામ યોગ્ય અને શરતો મુજબ કરવાનું હતું તો કેમ મોડી રાત્રે મિક્સર મશીન દ્વારા ગટરનું કામ કરવામાં આવ્યું તે પણ સવાલ છે. સાથે નેશનલ હાઈવેના કોઈજ અધિકારી, એન્જીનીયરની હાજરી વગર કામ કેમ કરાયું તેવા અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. જોકે, અગાઉ એજન્સીએ પોતાના કેટલાક લોકોની મિલકતને બચાવવા ઓવરબ્રિજના નકશામાં પણ ફેરફાર કર્યો હતો. પરંતુ ડીસાની જાગૃત પ્રજાએ કલેકટર સમક્ષ રજૂઆત કરતા કલેકટરએ આખરે નકશામાં કોઈજ ફેરફાર ન કરવા દઈ એજન્સીની મેલી મુરાદ પુરી કરવા દીધી નહોતી. જેથી હવે એજન્સી હલકી ગુણવતાનું મટીરીયલ વાપરી સરકારના ટેન્ડરને ઘોળીને પી જવા માંગે છે ત્યારે ડીસાની જનતા પણ ટેન્ડરની સરતો મુજબ કામ થાય છે કે કેમ તેના પર ધ્યાન રાખી ગેરરીતિ બહાર લાવે.જોકે હાલ ઉભા થઈ રહેલ પિલરમાં પણ ખિલાસરી યોગ્ય છે કે કેમ ટેન્ડરની શરતો મુજબ પિલર છે કે કેમ તે બાબતે પણ તપાસ થવી જોઈએ.

## પાલનપુરમાં જુગાર...

પાના નં .૮ ચાલુ

બાબુભાઈ નાઈ, માહીના મુકેશભાઈ હિરાભાઈ પરમાર, ડીસાના છત્રાલાના દિનાજી લાલજી ઠાકોર અને ભકાજી લાલજી ઠાકોરને પશ્ચિમ પોલીસની ટીમે ઝડપી લીધા હતા. જેમની પાસેથી એક મોટર સાયકલ સહિત કુલ રૂપિયા ૫૦,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

## વાવના ચુવા ...

પાના નં .૮ ચાલુ

નર્મદાના નીર વધામણા કર્યા હતા. સંગીતના નાદ સાથે અગ્રણી મિત્રોએ નર્મદાના નીર ના વધામણા કર્યા હતા.

જે પ્રસંગે વાવ તાલુકા પંચાયતના પ્રમુખ કાંનજીભાઈ રાજપુતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૯ મા જન્મદીન પ્રસંગે કુદરતી રીતે નર્મદા ડેમની સપાટી ૧૩૮ મીટરે પહોંચી ગઈ હોવાનું જણાવી માં નર્મદાના નીરના વધામણા અંગે તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને શુભેચ્છાઓ પાઠવી હતી. વિશેષમાં ચુવા ગામના સરપંચ ખેમજીભાઈ ચૌધરીએ તેમજ વાવ તા.પંચાયતના કારોબારી અધ્યક્ષ રામભાઈ પટેલે ચુવા ગામના વિકાસ માટે શિક્ષણક્ષેત્રે પ્રાર્થના સેડ તેમજ ગામમાં પાણીના ડેમની માંગ કરી હતી અને ચોમાસા ભરાતા પાણીના સદાય નિકાલ માટે રજુઆતો કરી હતી. જે તમામ બાબતોનો હકારાત્મક જવાબ મળતાં સૌ કોઈ મિત્રો તાળીયોના નાદથી વધાવી લેવાયો હતો. જે પ્રસંગે જિ.સદસ્ય ઢીમ ાહરેશભાઈ પટેલ, વાવ તા.પં.પ્રમુખ કાંનજીભાઈ રાજપુત જીલ્લા આયોજન અધિકારી પટેલ, વાવ ટી.ડી.ઓ. આર.બી.મલેક વાવ તા.પં.કારોબારી અધ્યક્ષ રામભાઈ પટેલ, ચુવા સરપંચ ખેમજીભાઈ ચૌધરી, ત.ક.મંત્રી દલુબેન પટેલ, શીવરામભાઈ પટેલ, કેળવણી નિરીક્ષક ગોવિંદભાઈ પટેલ, જિ.પંચાયત વાવના સદસ્ય કલાભાઈ મકવાણા, દાંનાભાઈ પરમાર (વાવડી) વિહાજી રાજપુત (અસારા) તારા શંકરભાઈ શાસ્ત્રી ચુવા ગ્રામજનો તેમજ બહોળી સંખ્યામાં કાર્યકરો મિત્રો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ચુવા પ્રા.શાળાના મુ.શિક્ષક ઈશ્વરસિંહ રાજપુત (ઉચમાવાળા) એ કર્યુ હતું.

## બાપલામાંથી હીરો ...

પાના નં .૮ ચાલુ

આવેલ ફાર્મ હાઉસની બાજુમાં રોડ ઉપર પાર્ક કરી ટિફિન લેવા ગયેલા તેમાં માત્ર ૧૫થી૨૦ મિનિટ અંતરે ટિફિન લઈને આવતાં પોતાનું મોટર સાયકલ ન દેખાતાં હાંફળા ફાંફળા બની આજુ બાજુમાં તપાસ કરવા છતાં મોટર સાયકલ ન મળતાં આખરે પાંથાવાડા પોલીસ મથકે વાહન ચોરી અંગે ની ફરિયાદ આપેલ છે.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૪૫૦૦૦-૪૫૫૦૦** |
| રૂપુ કાચું | **૪૫૦૦૦-૪૫૫૦૦** |
| સોનુ તોલો | ૩૬૫૦૦૦-૩૭૦૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૦૨૦** |
| પામોલીન | ૧૦૨૦ |
| સોયા રીફાઈન | ૧૩૯૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૩૧૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૯૪૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૮૨૦ |
| **સીગતેલ ૫ લી.** | **૫૮૫** |
| તિરૂપતી કપા. | ૧૪૧૦ |
| ૫ લીટર | ૪૫૭ |
| વનસ્પતિ ઘી | ૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૫૬૦ |
| ૫ કે. કોપરેલ | ૯૪૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૯૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૭૦** |
| લંગર રાયડા તેલ ૧૫ કી. | ૧૩૦૦ |
| ૫ લી. | ૪૧૦ |
| ૨ લી. | ૧૭૨ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૬૦૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૫૫૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૬૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૭૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૭૦૦ |
| દાવત સ્પેસીયલ | ૮૦૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૮૦૦૦ |
| દાવત દિલખુશ | ૮૦૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૫૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૨૦૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૦૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૧૦૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૪૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૭૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૧૧૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૯૦૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૭૪૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૭૬૦૦ |
| નર્મદા મગ મોગર | ૮૦૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૭૪૦૦ |
| નર્મદા અડદદાળ | ૭૨૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૫૦૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૮૨૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૪૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૫૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૨૦૦ |
| કાયનાત પોપુલર | ૬૪૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૭૪૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૫૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૯૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૫૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૯૪૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૮૦૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૫૦૦** |
| **ખાંડ એમ.** | **૩૫૦૦-૩૬૫૦** |
| ખાંડએલ. | ૩૬૦૦-૩૬૫૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ ૧૨૫ | |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૫૦૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૫૩૦૦ |
| વડેચા ૫ કી. | ૪૫૦૦ |
| વડેચા ૧ કી. | ૪૫૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૫૦૦ |
| **ખોળ બજાર** | **૧૦૫૦-૧૧૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૧૫૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૨૦૦ |
| જીરાળુ | ૧૬૫૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૭૮૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૭૪૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૯૬૦ |
| મેંદો | ૯૬૦ |
| શ્રીફળ એમ. | ૧૧૫૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૨૪૦ |
| સાકરીયા | ૪૦૦૦ |
| ખાંડ બુરૂ | ૪૦૦૦ |
| કોકમ ફુલ | ૨૫૦ |
| એલચી | ૩૫૦૦ |
| મોરૈયો | ૯૦-૧૧૦ |
| તલ | ૧૨૦-૧૫૦ |
| ખસ-ખસ | ૩૫૦-૮૦૦ |
| સીંગદાણા | ૮૦-૯૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| **દુધી** | **૪૦૦-૬૦૦** |
| સુકી ડુંગળી | ૫૬૦-૭૦૦ |
| લસણ | ૧૮૦૦-૨૦૦૦ |
| ધાણા | **૧૦૦૦-૧૨૦૦** |
| **મરચાં** | **૪૦૦-૬૦૦** |
| **લીંબુ** | **૯૦૦-૧૦૦૦** |
| અડવી પત્તા | ૩૦૦ |
| આદુ | ૮૦-૯૭ |
| **રીંગણ** | **૩૦૦-૭૦૦** |
| ટામેટા | ૪૦૦-૫૦૦ |
| **ભીંડા** | **૨૦૦-૫૦૦** |
| કોબી | ૫૦૦-૬૦૦ |
| વટાણા | ૮૦૦-૧૦૦૦ |
| ટીંડસા | ૫૦૦ |
| ગવાર | ૮૦૦-૧૨૦૦ |
| **બાદશાહ બટાકા** | **૩૦૦-૩૨૦** |
| **સાંગા બટાકા** | **૧૪૦- ૨૦૦** |



# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...

# બેગ સામે જોઈ રહ્યો

**આગ ભીતર ભીતરની** | **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

સાડા આઠ વાગે રેલ્વે સ્ટેશન પર આવ્યો, વરસાદ હતો.ઓટોમાં આવ્યો હોઈ ભીનો થયો ન હતો.મારા વતન જતી ટ્રેનમાંની ટિકીટ લીધી. આમ તો મારો ત્યાં જવાનો ઈરાદો એકસપ્રેસમાં હતો પણ એકસપ્રેસ મારા આગમન પુર્વે ઉપડી ચુકયો હતો. મારા વતનના સ્ટેશન મોટા ભાગની ટ્રેનોને સ્ટોપેજ અપાયેલું હતું. એમાં મેલ.. સુપર ફાસ્ટ કે એકસપ્રેસ બે મીનીટ જ ઉભા રહેતા. એ ઝડપી ટ્રેનો આવી, ઉભી રહી. પેસેન્જરો ઉતર્યા ના ઉતર્યા ને એને છુટવાની વ્હીસલ સંભળાતી. ત્યારે લોકલ ટ્રેનો સાતેક મીનીટ સ્ટોપેજ પછી છુટતી..દિવસ ભર ઘણી ટ્રેનો આવતી જતી ને પછી પ્લેટફોર્મ ખાલી થઈ જતું. વતનનાં સ્ટેશનની જાણ હતી ત્યાં નાનકડો બુકસ્ટોલ હતો. એ મને વાંચવા માટે ચોપડીઓ આપતો. બપોર ટાણે મારા ભરોસે જમવા જતો. ને હું સ્ટોલ સંભાળતો. જોકે એ ટાણે ચહલપહલ ઓછી રહેતી. હા ગુડઝ ટ્રેનોની આવન જાવન ખુબ રહેતી પણ પહેલા અને બીજા નંબરના પ્લેટફોર્મ પર ગુડઝ ટ્રેનોના લીધે ભરચક વાગતું. એ બધી ભુતકાળની યાદો માનસમાં ઠસોઠસ હતી. હવે માત્ર વતનમાં જવા લોકલ ગાડી હતી. પણ લોકલ ટ્રેનની રેક મુકાઈ ન હતી. અચાનક વરસાદ વધ્યો. રેલ્વે પ્લેટફોર્મ પરનું એસ.બેસ્ટોસનું છાપરૂં તડતડી ઉઠયું. મોટો અવાજ આવવા લાગ્યો. સહેજ પાછળ હટયો.. જોકે વાછટ તો અંદરની તરફ આવતી હતી. લોકલ મુકાય એ પહેલાં ચા પીવાની ઈચ્છા થઈ આવી. ચા સાથે જો ખારી કે ટોસ લઉં તો પેટ ભર્યું ભર્યું લાગે. વરસાદની સીઝનમાં મારા વતનના સ્ટેશને કંઈ મળે ના મળે..

નવને પંદર થઈ સ્ટેશનની દિવાલ પર લાલ લાલ અક્ષરોમાં સમય સારણી લખી હતી. મારા વતન તરફ જનારી ટ્રેન અહીંથી મુકાતી હતી અને એનો છુટવાનો સમય પણ લાગેલો હતો પરંતુ ઠેકાણું ન હતું. આમે દેશની ભલભલી બાબતોના ઠેકાણા ન હોવાની વાતને મને જાણ હતી. એક બાબતમાં મને ચીડ હતી એ પછી રેલ્વે હોય કે એસ.ટી.કશુંય નિયમિત નહીં..કશું ઠેકાણું નહીં... આખરે ખાલી ડબ્બા મુકાયા. લગભગ ભીડ ન હતી. સારો ડબ્બો જોઈ બેસી ગયો. બારી આગળ બેસવું જોખમ ભરેલું હતું. વરસાદ હતો. ઉપરથી દડતું પાણી અંદર આવતું હતું. વચ્ચે બેઠો. એ સાથે ચાવાળા.. કયાંક નાસ્તાવાળાની બુમો સંભળાવા લાગી. મારી સાથે હતી એ મોટી બેગ.. સામેના ઉપરના પાટીયા પર દેખાય એવી રીતે મેં મુકી બેગમાં...હા... મોટી બેગમાં...

અત્યાર સુધી કંઈક રેલવેનું પ્લેટફોર્મ.. વરસાદ વાતાવરણ મામલે વિચારો દોડતા હતા. એ બધાય તુટી પડયા.. અને વળાંક યાદોની સાંકડી ગલીમાંથી સોમી આવી.. આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં.. બર્થ પર મુકેલી બેગ.. સોમીનાં કપડાં.. જુતાં.. સોનાના એક બે દાગીના.. બંગડીઓ...પાઉડર..

બધું યાદ આવી ગયું..

સોમીને જાણે ખુદની કરવા જઈ રહ્યો હતો.. ચાલીસમા વર્ષે અત્યાર સુધી સોમી વગરની ખાલી અને કોરી જીંદગી જીવતો હતો. છેલ્લા દસ પંદર દિવસ યાદોના ઘટાદાર વૃક્ષ પર સોમીનું અવતરણ થયેલું.. અને એ આખી રાત સોમીના વિચારો વહેલા બસ સોમી..સોમી.. અને સોમીની આંધી ઉડેલી.. મનોમન બોલેલો... હા.. મારી પ્રિય..તું અત્યાર સુધી પ્રિય ન હતી. ઓચિંતાની પ્રિય થઈ ગઈ છે.. બની ચુકી છે.. હું તને ચાહું છું.. અને તને સરપ્રાઈઝ આપવા આવી રહ્યો છું.. વતનમાં ત્યાં હું આવીને કહીશ.. સોમી હું તને ચાહવા લાગ્યો છું હું તારી સાથે લગ્ન કરવા માગું છું.. અને એટલા માટે જ કુદરતે મને ચાલીસ વર્ષ સુધી.. મારા મોં પર સ્મીત આળોટી પડેલું.. મેં બારી બહાર જોયું..વરસાદ ફોરો પડયો હતો.

એક ધીમો ધક્કો આવ્યો આગળ ડીઝલ એન્જીન જોડાયું..ડબ્બામાંના બલ્બ પીળચટ્ટો પ્રકાશ છોડવા માંડયો.. ધક્કો આવ્યો એ સાથે ટ્રેન પાછળની તરફ ધકેલાતી ગઈ.. મેં બારી પાસે જઈને બીજી તરફ જોયું.

સોમીએ એ દિવસે મને કહેલું મારે ગાડીમાં બેસવું છે તારી સાથે લઈ જા.. સોમીના ભુતકાળનાં એ શબ્દો સાંભળીને મોં ચડયું હતું આવડી મોટી થઈ તોય ગાડી કહે છે.. ગાડી કહેવાય....હું ધમકાવવા જતો હતો ત્યારે મારી બાએ મને કહેલું એ નથી સમજતી.. નાની છે...એને શું ધમકાવવી ?

મને યાદ છે હું મારા ઘરના ઓટલા પર ખુરશીમાં બેઠો બેઠો છાપું વાંચતો હોઉં ત્યારે સોમી મહોલ્લાના નાના છોકરાઓને પાછળ લઈને પીપી ગાડી રમતી મને ચીડ ચડતી પણ.. મારી જોડે એટલે કે હું જ્યાં બેઠો હોઉં ત્યાં આવીને પી..પી.. કરતી...

નાની છે આવી ગાડી ગાડી રમે છે ?

મારી બા સાંભળી જાય તો કહેતું તું હવે આખો દિવસ એને શું ધમકાવતો હોઈશ ? નાની છે ને સૌ છોકરાઓને રમાડે છે ?

તને નાની લાગે છે ? તો શું મોટી છે ?

સોમીની..મા આ સાંભળીને ઘણીવાર કહેતી કરમ ચંડાળને ન જાણે કેટલીયવાર કહું છું પણ માનતી જ નથી.. સમજતી નથી...

કંઈક ભણાવો.. સુધરે એ.. હું સુચવતો પરંતુ સોમી તો એની એ કયાંક કુતરાને પંપાળતી..કયાંક ગાયને.. હું જોતો.. ને ચીડાતો.. બબડતો..બીમાર પડશે.. રોગ લાગશે...

જીંદગી હતી અને એના ક્રમમાં આગળ હતી..

મારા શહેરના રેલ્વે સ્ટેશનથી છુટેલી લોકલ ટ્રેન એનો લય મેળવી ચુકી હતી. નીબીડ અંધકારમાં સતત ચીસો પાડતું ડીઝલ એન્જીન ગાડીને ખેંચી રહ્યું હતું. આભના સીનામાંથી વરસતો વરસાદ ધીમો પડી ગયો હતો. હા છુટાછવાયા ઝીણાં ફોરાં પડતાં હતાં હું બારી પાસે આવી બેસી ગયો હતો.આખો ડબ્બો ખાલી હતો. રેલવેના પાટા પર એકધારી ગતિ જાળવી રહ્યો હતો. લોકલ ટ્રેન આગળ વધતીઅને વૃક્ષો અંધકાર ઓઢીને પાછળ રહી જતા હતા.વૃક્ષો કદી દોડતી ગાડી સાથે કદી તાલ મિલાવી શકયા હતા ના મિલાવશે.

સોમીનું ઘર મારા ઘરની સામે હતું. બે માળનું ઘર હતું એના બાપે મથુરભૈને દમનો રોગ હતો.ઘણી વાર તો એ એટલા બધા મુંઝારો અનુભવતા કે..કે મને ગુસ્સો આવી જતો. મારી બા કહેતી.. વાત વાતમાં શું તું ગુસ્સો કરતો હોઈશ ? તારી આવી સ્વભાવની દશાના લીધે કોઈ પરણશે નહીં..

ને મારાં ભવાં તણાયાં. આખો દિવસ તું શું પરણવાની વાત કરતી હોઈશ.. મને પસંદ નથી..

હું મારી ફિલોસોફી ઝાડતો.. હું મરી જઈશ તો બારે દરવાજા દેખાઈ જશે.

બા કહેતી.. પણ મને જાણે એની એ બધી વાતો સાવ તુચ્છ લ ા ગ ા ત ી . . ન ા ક ા મ ી લાગતી..કયાંક સમાજમાં અમારી છાપ બેકાર હતી. નકામી હતી.. ફળ સ્વરૂપે ના મારી સગાઈની વાત થતી ના સહાનુભૂતિની.. અને એના લીધે જ મારૂં મગજ વિચિત્ર બની ગયું હતું.

ગાડી એની ગતિમાં હતી ને માનસપટ પર ઉભરાયેલા વિચારૂ કીડીયારાની જેમ નીકળવા લાગ્યા હતા. બે નાના સ્ટેશનો પસાર થઈ ચુકયા હતા પણ સ્ટોપેજ ન હતો. ટ્રેન રનીંગ થુ..થુ.. નીકળી ગઈ હતી..

(ક્રમશ:)

# અબળામાંથી પ્રબળા બનેલ સિંધુતાઈની સંઘર્ષગાથા

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

સામાન્ય રીતે સ્ત્રીઓને અબળા માનવામાં આવે છે. વ્યવહારમાં તે વાત સાચી પણ દેખાય છે. ગરીબ મૂક જીવન જીવી રહી છે. માત્ર ચાર ચોપડી ભણેલી, ગામડાની એક સ્ત્રીને માત્ર ૧૦-૧૨ વર્ષના જ પરણાવી દેવાય અને પછી તેના પર અત્યાચારની કથા શરૂ થાય. તે ચરમસીમા સુધી ચાલતી રહે. પિયર કે સાસરાપક્ષ તરફથી કોઈનો સાથ ન મળે કલંકિત જીવનને લીધે બધા જ દુશ્મન થઈ જાય, આવી પરીસ્થિતિમાં ગાયની ગમણમાં તેને પ્રસુતિ થાય. બાળકની નાળ પણ જાતે પથ્થર વડે છેદવી પડે, ભુખી તરસી પડી રહે અને કોઈ ભૈયાજીની ટ્રકમાં તેને વિદાય કરી દેવાય.

હૃદય કંપાવી મુકે તેવી કરૂણકથા વાંચનાર સાંભળનાર બંનેનાં હૃદય હચમચાવી મુકે. જે ભારતીય સંસ્કૃતિના આપણે બણગાં ફુંકતાં થાકતા નથી તે શું આવી છે ?

સિંધુતાઈ સમકાલ પુસ્તક મરાઠી ભાષામાં પ્રગટ થયેલ બે પુસ્તકો 'મિ.વનવાસી અને અનાયોગી માઈ' ના આધારે સ્વામી સચ્ચિદાનંદજી દ્વારા રચાયેલ ગુજરાતી પુસ્તક છે. તેમાં ૨૭ પ્રકરણો છે. આ પુસ્તક બે ભાગમાં લખવામાં આવ્યું છે. પહેલો ભાગ મિ.વનવાસી સિંધુતાઈ પોતે લખતાં હોય તેવી રીતે લખાયો છે. જ્યારે બીજો ભાગ શ્રી ડી.ડી. મહાજનનું 'અનાથોની માતા' પુસ્તકના આધારે તૃતીય વચનમાં લખ્યું છે. પુસ્તકમાં ટીપ્પણીઓ અને સ્ટેટમેન્ટસ લેખકનાં છે. એ રીતે જોતાં આ અનુવાદ થયેલું પુસ્તક નથી પણ સ્વતંત્ર પુસ્તક છે.

તાઈના જીવનમાં પ્રેરણાદાયી અસંખ્ય પ્રસંગો બન્યા છે. તેમાંથી થોડા જ આ પુસ્તકમાં સમાવી શકયા છે. તેમાંય સૌથી હચમચાવી નાખનારો પ્રસંગ પતિ શ્રીહરિ સમકાલનો છે. પોતાના પર ઘોર જુલમ કરનારો પતિ જયારે ચિંથરેહાલ થઈને શરણે આવે છે ત્યારે જુની વાતોનો ડંખ રાખ્યા વિના તેને નાના બાળકની માફક બાલસદનમાં પ્રવેશ આપે છે અને મરણપર્યંત નિભાવે છે. હૃદયની આટલી વિશાળતા ભાગ્યે જ જોવા મળે છે.

ભીખના રોટલા માંગીને અનાથ બાળકોને જિવાડવાની શરૂઆતથી પાંચ પાંચ બાળસદનો બનાવવાં, ચલાવવાં એ તેમના સંઘર્ષનું પરિણામ જ કહેવાય. અમેરીકા સહીત અનેક વિદેશોની યાત્રા કરવી, ૭૫૦ ઉપરાંત એવોર્ડ પ્રાપ્ત કરવા એ નાની સુની વાત ન કહેવાય. આવો સંઘર્ષ અને આવી સફળતા ભાગ્યે જ કોઈ સ્ત્રીના જીવનમાં જોવા મળશે. આટલું બધું પ્રાપ્ત કર્યા પછી પણ ભાઈ તદન સાદું અને હળવાશભર્યું જીવન જીવી રહ્યો છે.

હવે પરીસ્થિતિ બદલાઈ છે. સ્ત્રી સશક્તિકરણના આંદોલન પછી સ્ત્રીઓનું અબળાપણું ઓછું થયું છે. ખાસ કરીને શિક્ષિત અને સ્વાવલંબી સ્ત્રીઓ હવે અબળા રહી નથી તો પણ હજુ ઘણું કરવાનું કામ બાકી છે. તેથી લેખકને આશા છે કે પુસ્તકથી સ્ત્રીઓમાં નવા જોમ,જુસ્સો પેદા થશે અને સ્ત્રીઓને થતા અન્યાય સામે અવાજ બુલંદ થશે.પણ એ ધ્યાન રહે કે સંઘર્ષ અન્યાય સામે હોય તે પણ મધુરભાષી હોય, સંઘર્ષથી કડવાશ ન વળે કેમ કે કડવાશથી પ્રશ્નો વધુ વિકટ બનતા હોય છે.નર નારી સંબંધો કુદરતે રચેલા છે લાખ પ્રયત્ને પણ તે તુટવાના નથી. નારી વિના નર અને નર વિના નારી અધુરાં છે.પુરક થવામાં જ જીવન છે. પુરક થવાથી પોષણ મળે છે, જીવન પુષ્ટ બને છે, પુષ્ટ જીવન જ સુખી થઈ શકે, સ્ત્રીઓ સુખી તો જ પુરૂષો સુખી અને પુરૂષો સુખી તો જ સ્ત્રીઓ સુખી આ વાસ્તવિકતાને બંને સ્વીકારે તો પરસ્પરનું જીવન સુમેળભર્યું લાગે.

સ્વામી સચ્ચિદાનંદજીનું આ પુસ્તક હતાશ નિરાશ થયેલી સ્ત્રીઓને નવી આશા આપનારૂં બની રહે તેની શુભભાવના સાથે પુસ્તકને આવકારૂં છું.

સિંધુતાઈ સપકાળ (અબળામાંથી પ્રબળા), લેખક : સ્વામી સચ્ચિદાનંદ, પ્રશંસક ગુર્જર પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, કિં.રૂા.૧૨૦

## તીવ્ર વેચવાલી વચ્ચે સેંસેક્સ ૬૪૨ પોઈન્ટ ઘટીને બંધ : ભારે દહેશત

મુંબઈ

શેરબજારમાં આજે તીવ્ર વેચવાલીનું મોજુ ફરી વળ્યું હતું. ક્રૂડ ઓઈલની કિંમતોમાં જોરદાર ભડકો થશે તેવા અહેવાલ વચ્ચે શેરબજારમાં ખળભળાટ મચી ગયો હતો. સાઉદી ઓઈલ ફેસેલિટી ઉપર ડ્રોન હુમલા અને અર્થતંત્રમાં સુસ્તી જેવા પરિબળોની અસર આજે જોવા મળી હતી. ભારતમાં વર્તમાન ખાતાકીય અને ફિસ્કલ ડેફિસિટનો આંકડો પણ આના કારણે અસર પામી શકે છે. તેલ કિંમતોમાં વધારાનો દોર જારી રહી શકે છે. જુદા જુદા પરિબળો વચ્ચે શેરબજારમાં આજે વેચવાલીનું મોજુ ફરી વળ્યું હતું. બીએસઈ સેંસેક્સ ૬૪૨ પોઈન્ટ અથવા તો ૧.૭૩ ટકા ઘટીને ૩૬૪૮૧ની નીચી સપાટીએ રહ્યો હતો. ઘટાડો જોવા મળ્યો હતો. એચયુએલના શેરમાં એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. શેરબજારમાં ઘટાડા માટે વૈશ્વિક પરિબળો પણ જવાબદાર રહ્યા હતા. બીએસઈના ૩૦ શેર પૈકી ૨૭ શેરમાં મંદી અને ત્રણ શેરમાં તેજીની સ્થિતિ રહી હતી. સેશન દરમિયાન ૩૦ શેર ઈન્ડેક્સમાં હાઈ અને લોની સપાટી ક્રમશઃ ૩૭૧૭૦ અને ૩૬૪૧૯ રહી હતી. એચડીએફસી, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંક તેમજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને એસબીઆઈના શેરમાં જોરદાર મંદી રહી હતી. આ તમામ શેરે સેંસેક્સમાં નીચી સપાટી ઉપર લઈ જવામાં ચાવીરુપ ભૂમિકા ભજવી હતી.

## વડાપ્રધાન મોદીના જન્મદિને સમર્થક દ્વારા વિવિધ કાર્યક્રમ

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે આજે તમામ તેમના સમર્થકો અને વિરોધીઓ દ્વારા પણ તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોના નેતાઓએ પણ મોદીને સવારમાં જ શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે જુદા જુદા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. સવારથી જ તેમના સમર્થકો દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. એક સામાન્ય પરિવારથી વડાપ્રધાન બનવા સુધીની તેમની યાત્રા ખુ જ પ્રેરણા સમાન રહી છે. તેમના વિરોધીઓ પણ તેમની શિસ્તની હમેંશા પ્રશંસા કરતા રહે છે. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં શાનદાર અને ઐતિહાસિક જીત મેળવ્યા બાદ નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા હતા. વડાપ્રધાન તરીકેના તેમના ગાળા દરમિયાન તેઓ દરેક મોરચે કેટલીક ઐતિહાસિક પહેલ કરી ચુક્યા છે. બીજી બાજુ કેટલાક લોકલક્ષી નિર્ણય લઈ ચુક્યા છે. તેમની ભારતમાં લોકપ્રિયતા આજની તારીખમાં પણ ખુબ વધારે છે. તેમના કામને લઈને વિરોધીઓ પણ વાંધો ઉઠાવે તેવી સ્થિતીમાં નથી.મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ભાજપે જાહેર કર્યા બાદથી જ મોદીએ દિન રાત એક કરીને ભાજપની લોકપ્રિયતાને ચરમસીમા ઉપર લઈ જવામાં સફળતા મેળવી હતી.

## ભારત-આફ્રિકા વચ્ચે બીજી ટ્વેન્ટી મેચને લઈને રોમાંચ

મોહાલી

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રણ મેચોની ટ્વેન્ટી-૨૦ શ્રેણીની બીજી મેચ આવતીકાલે મોહાલીમાં રમાનાર છે. પ્રથમ મેચ ભારે વરસાદના કારણે એક પણ બોલ ફેંકાયા વગર રદ કરી દેવામાં આવ્યા બાદ બીજી મેચને લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે. જો કે અહીં પણ વરસાદ પડવાની શક્યતા રહેલી છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ જોરદાર દેખાવ કરવા માટે સજ્જ છે. ઘરઆંગણે ભારતીય ટીમ હોટફેવરીટ બનેલી છે. વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસમાં શાનદાર દેખાવ કર્યા બાદ હવે ભારતીય ટીમ જોરદાર દેખાવ કરવા માટે સજ્જ છે. ભારતીય ટીમની પસંદગી કરી લેવામાં આવી છે. આગામી વર્ષે ટ્વેન્ટી-૨૦ વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેથી ટીમ મેનેજમેન્ટ વધુને વધુ પ્રમાણમાં યુવા ખેલાડીઓને તક આપવા માટે ઈચ્છુક છે. પ્રતિભાશાળી ખેલાડીઓ વર્લ્ડ પહેલા તૈયાર થઈ શકે તે માટે જોરદાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. ઝડપી બોલર ખલીલ અહેમદ, દીપક ચાહર, નવદીપ સેની, સ્પીનર રાહુલ ચાહર, વોશિંગ્ટન સુન્દર પાસે પોતાની કુશળતાને સાબિત કરવા માટે પુરતી તક રહેલી છે. ટીમમાં પોતાની જગ્યાને પાકી કરવા માટે યોગ્ય તક રહેલી છે. બોલર ઉપરાંત બેટ્સમેનો માટે પણ આવી જ સ્થિતી રહેલી છે. શ્રેયસ અય્યર પર તમામની નજર રહેશે. કારણ કે વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસમાં અય્યરે જોરદાર દેખાવ કર્યો હતો. અય્યરે મિડલ ઓર્ડરમાં બેટિંગ કરીને વિરાટ કોહલી સાથે સારી ભાગીદારી નોંધાવી હતી. કેપ્ટન વિરાટ કોહલી પોતે પણ પ્રશંસા કરી ચુક્યો છે. બીજી બાજુ વિકેટકિપર બેટ્સમેન રિશભ પંત પણ પોતાના દેખાવમાં સુધારા કરવા માટે તૈયાર છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | | શિહોરી |
| એરંડા | ૧૦૯૫-૧૧૦૨ | એરંડા | ૧૦૯૬-૧૧૦૬ |
| રાયડો | ૭૦૯-૭૧૩ | રાયડો | ૬૭૫-૭૦૦ |
| ઘઉં | ૩૯૬-૪૧૮ | ઘઉં | ૩૮૫-૪૧૬ |
| બાજરી | ૩૬૫-૩૯૨ | બાજરી | ૩૬૩-૩૭૬ |
| રાજગરો | ૧૫૦૬-૧૫૨૨ | | થરા |
| | ભીલડી | જીરૂ | ૨૫૮૦-૨૯૬૦ |
| એરંડા | ૧૦૮૧-૧૦૮૮ | એરંડા | ૧૦૯૭-૧૧૧૧ |
| રાયડો | ૬૯૩-૭૦૦ | રાયડો | ૬૮૦-૭૩૦ |
| રાજગરો | ૧૫૫૦ | ઘઉં | ૩૯૨-૪૧૫ |
| ઘઉં | ૩૮૩ | બાજરી | ૩૬૫-૩૭૬ |
| બાજરી | ૩૬૦-૩૭૫ | | સિધ્ધપુર |
| | વાવ | રાયડો | ૬૯૭-૭૧૨ |
| જીરૂ | ૧૮૬૧-૨૯૧૧ | એરંડા | ૧૦૭૯-૧૦૯૭ |
| એરંડા | ૧૦૮૭-૧૦૯૪ | ગવાર | ૭૪૧-૭૬૮ |
| રાયડો | ૭૦૦ | ઘઉં | ૪૦૦-૪૨૨ |
| અજમો | ૧૬૫૦ | બાજરી | ૨૯૦-૪૦૯ |

## વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત અમદાવાદ જિલ્લામાં ૪૦ સર્વરોગ નિદાન કેમ્પ યોજાયા



વિરમગામ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે વિરમગામ તાલુકા સહિત સમગ્ર અમદાવાદ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૪૦ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સર્વરોગ નિદાન કેમ્પમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર અને નિષ્ણાંત તબિબો દ્વારા દર્દીઓની તપાસ કરીને જરૂરી સલાહ, સુચન, સારવાર નિઃશુલ્ક આપવામાં આવી હતી. જરૂરીયાત મુજબ દર્દીઓની સ્થળ પર લેબોરેટ-રી તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત ગુજરાત રાજ્ય યુવક બોર્ડ અને તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામના સંયુક્ત ઉપક્રમે ભોજવા ગામમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસ નિમિત્તે માઁ કાર્ડ / આયુષ્યમાન ભારત કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, અમદાવાદ જીલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવ, જીલ્લા આરસીએચઓ ડો.ગૌતમ નાયક અને જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈના માર્ગદર્શન મુજબ વિરમગામ સહિત અમદાવાદ જિલ્લાના વિવિધ ૪૦ પ્રા.આ.કેન્દ્ર પર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ અંતર્ગત સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં તાવ, ઝાડા, શરદી, ઉધરસ, પાંડુરોગ, બ્લડ પ્રેશર, ચામડીના રોગ, ડાયાબીટીશ, આખના રોગ, શંકાસ્પદ સર્વાઈકલ કેન્સર, શંકાસ્પદ બ્રેસ્ટ કેન્સરની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત લોકોને જુથ ચર્ચા અને કાઉન્સેલીંગ સેશન દ્વારા આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યુ હતુ.

## રાધનપુરમાં પાલિકા દ્વારા નર્મદાના નીરના વધામણાં કરાયા






રાધનપુર

રાધનપુરમાં નગરપાલિકા દ્વારા મંગળવારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જળશક્તિ અને સ્વચ્છતા જાગૃતિ રેલી,નર્મદા નીરના વધામણાં-પૂજા અને નર્મદામૈયાની આરતી તેમજ મેઘ લાડુનું વિતરણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.આ પ્રસંગે યોજાયેલા સમારોહમાં અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ માત્ર આપણા દેશના જ નેતા નથી રહ્યા તેમને વિશ્વ એક સક્ષમ નેતા તરીકે સ્વીકારે છે. નરેન્દ્રભાઈનું સપનું હતું કે ખેડૂતોને નર્મદાનું પાણી ખેતી માટે મળે, અને તે માટે તેમણે તનતોડ પ્રયાસો કરીને ખેડૂતોને નર્મદાનું પાણી પહોચાડ્યું હતું.નર્મદા બંધના દરવાજાની ઊંચાઈ વધારવા માટે નરેન્દ્રભાઈને ઉપવાસ ઉપર બેસવું પડ્યું હતું. પાટણ જિલ્લા પ્રભારી મયંકભાઈ બારોટે નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભેછાઓ પાઠવીને તેમના કરેલા વિકાસ કાર્યોને લોકો સમક્ષ મુક્યા હતા.આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી, જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ ડો.દેવજીભાઈ પટેલ,બનાસ બેંકના ડિરેક્ટર બાબુભાઈ ચૌધરી, પાલિકા પ્રમુખ કમુબેન ઠાકોર, જિલ્લા ભાજપ લઘુમતી સેલના પ્રમુખ ઈશુભા મલેક, પ્રાંત અધિકારી દલપતભાઈ ટાંક,પાલિકાના ચીફઓફીસર રૂડાભાઈ રબારી સહીત અગ્રણીઓ અને કાર્યકરો જોડાયા હતા.

## રાધનપુરમાં અલ્પેશ ઠાકોર પત્રકાર ઉપર ભડક્યા

રાધનપુર

રાધનપુરમાં પદમનાથ મહાદેવના મંદિરે વૃક્ષારોપણ કર્યા બાદ રાધનપુરના પૂર્વ ધારાસભ્ય અલ્પેશ ઠાકોર,પાટણ જિલ્લા પ્રભારી મયંક બારોટ સહીત ભાજપના અગ્રણીઓ પરત ફરી રહ્યા હતા એ સમય દરમ્યાન વડપાસર તળાવમાં જામેલી ગંદકીને ધ્યાનમાં રાખીને એક પત્રકારે અલ્પેશ ઠાકોરને ફોટો ખેંચવાનું કહેતા અલ્પેશ ઠાકોર પત્રકાર ઉપર ભડકી ઉઠ્યા હતા,અને આવી નાની-નાની બાબતો તો દરેક જગ્યાએ જોવા મળે છે,તમારે આવી બાબતોમાં ઉતરવાની જરૂર ક્યાં છે ?? કહ્યા બાદ ભાજપના અગ્રણીઓને અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે દિલ્હીમાં પણ મેં આવા પત્રકારોને ખખડાવી નાખ્યા હતા,જેઓ માત્ર ને માત્ર નેગેટિવ બાબતોને જ જુએ છે.વડપાસર તળાવની ગંદકી તસ્વીરમાં નજરે પડે છે.

## વડાપ્રધાનનાં જન્મદિન નિમિત્તે મહેસાણા સિવિલમાં ફ્રુટ વિતરણ



રાષ્ટ્ર શક્તિ એકતા મંચ ગુજરાત પ્રદેશ(મહેસાણા) દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન ને સેવાદિન રૂપે ઉજવવા ના નિર્ધાર થી મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને વિનામુલ્યે ફ્રૂટ વિતરણ કરવાનો કાર્યક્રમ તા. ૧૭/૦૯/૨૦૧૯ના રોજ સવારે ૯-૦૦ કલાકે કરેલ હતો.જેમાં રાષ્ટ્ર શક્તિ એકતા મંચ ના રાષ્ટ્રીય અધ્યક્ષા ઉષાબેન પટેલ,સિવિલ હોસ્પિટલ ના RMO પરમાર અને RMO સોની, મહેસાણા જિલ્લા પ્રમુખ દિવ્યકાંત ભાઈ, પાટણ જિલ્લા પ્રમુખ ઉપેન્દ્રભાઈ, મહેસાણા જિલ્લા મહિલા મોરચા પ્રમુખ પ્રીતિબેન, મહેસાણા શહેર પ્રમુખ ઉમેશભાઈ,રાકેશભાઈ, સમતાબેન, મેહુલભાઈતથા તમામ કાર્યકરો એ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પાટણની બી ડી સાર્વજનિક વિદ્યાલયમાં વાલી મીટિંગ યોજાઈ



શ્રી બી ડી સાર્વજનિક વિદ્યાલય માં ધોરણ-૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા બાળકો ના વાલીઓ ની વાલી મીટિંગ નું આયોજન કરવામાં આવેલ જેમા બોડ મારફત હવે ભરવામાં આવનાર પરીક્ષા ફોમનું માર્ગદર્શન તેમજ બોડ ની પરીક્ષા આપવા માટે જઈ રહેલા ત્યારે પ્રથમ પરીક્ષામાં કેટલી મહેનત બાળક કરે છે હવે પછી ના સમય ગાળામાં બાળક માટે વિશે ધ્યાન વાલી પણ આપે અને વધુમાં વધુ સારા ગુણ પ્રાપ્ત કરે તે માટે શાળા કક્ષા ની જવાબદારીઓ તેમજ વાલીની જવાબદારીઓ ની સમજ આપવામાં આવેલ વાલી ને બોડની પરીક્ષા સંબંધી તમામ માર્ગદર્શન આપવામાં આવેલ છે આ સંબંધી શાળા શિક્ષણ ચિંતન અંગે પી આર દેસાઈ દ્વારા કરવામાં આવેલ વડા ડૉ બી આર દેસાઈ દ્વારા તમામ વાલીઓ ને શ્રી પાટણ જૈન મંડળ દ્વારા શાળાને આપવામાં આવેલ સ્માટ ક્લાસ અને અન્ય સવલત સાથે નો પરિચય કરાવેલ તેમજ તમારા બાળકો ને બોડ ની પરીક્ષા નો ભય દૂર કરી સહકાર આપી વધારે માં વધારે બાળક ને સફળતા માટે શાળા વધુ માં વધુ પ્રયત્ન કરશે અને વાલી સંપર્કમાં અમારા શિક્ષક ઘરે ઘરે આવી આપને મદદ રૂપ થશે તેમજ તમને બાળક સંબંધી તમામ મદદરૂપ શાળા બનશે વાલી મંડળના પ્રમુખ બચુભાઈ પટેલ પોતા ના પ્રતિભાવ રજુ કર્યા હતા.અને આ તકે સ્થાનિક સમિતિગણ વાલીઓ ને શુભેચ્છા સંદેશ પાઠવ્યો મીટિંગનું આયોજક પરિમલભાઈ વ્યાસ સંચાલન ઓધારભાઈ દેસાઈ દ્વારા કરેલ

## ટ્રેનમાં મુસાફરી કરતા સાવધાન રહેજો, ચાલુ ટ્રેને મોબાઇલ ઝૂંટનાર બે ઝડપાયા

સુરત

સુરતથી મુંબઈ તરફ જતી ટ્રેનો સુરત જિલ્લાના ગોથાણ અને કોસાડ ગામની વચ્ચે રેલવે ટ્રેકનું કામ ચાલતું હોય જેથી ધીમી ગતિએ પસાર થયા છે. દમિયાન ટ્રેનમાં દરવાજા ઉપર કે બારી નજીક મોબાઈલ હાથમાં પકડીને બેઠેલા મુસાફરોના હાથમાં પથ્થર કે લાકડી મારી મુસાફરોના હાથમાંથી ફોન નીચે પાડી ચીલઝડપ કરતા બે ચોરને કોસંબા આરપીએફ એ રંગે હાથે પકડી જેલ ભેગા કર્યા છે.

પશ્ચિમ રેલવેના મુંબઈ તરફ જતા અપ ટ્રેક પર ગોથાણથી કોસાડની વચ્ચે ટ્રેક મરામતનું કામ ચાલતું હોય દરેક ટ્રેનો ૧૦થી ૧૫ની ઝડપે પસાર કરવાની રેલવે તંત્રને ફરજ પડે છે, ટ્રેન એકદમ ધીમી પસાર થતી હોય છે. આ વિસ્તારમાં ટ્રેનની ધીમી ગતિનો લાભ લઈ મોબાઈલ ઝુંટવતીં ગેંગના સભ્યો સક્રીય થયા છે, ગઠિયાઓ દરવાજા પર કે બારી પર હાથમાં મોબાઈલ લઈને બેઠેલા મુસાફરોને ટારગેટ બનાવીને હાથમાં લાકડી અથવા પથ્થર મારીને મુસાફરોના હાથમાંથી મોબાઈલ ફોન નીચે પડાવી મોબાઈલ ફોનની ચીલ ઝડપ કરતી હોવાની ફરિયાદ ઉઠી હતી. આ ફરિયાદના સંદર્ભે કોસંબા આર.પી.એફ પોલીસ સ્ટેશન દ્વારા અંકલેશ્વરના પોલીસ ઈન્સ્પેક્ટર સંજીવ પાંડે, સબ ઈન્સ્પેક્ટર અનુરાગ પાંડે અને કોસંબા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર આશિષ તિવારી તેમજ સ્ટાફ દ્વારા વિવિધ ટ્રેનોમાં પેટ્રોલિંગ ચાલુ કર્યુ હતું બે દિવસ દરમિયાન પોલીસે સઘન વૉચ રાખી હતી દરમિયાન પોલીસે ૩૦ વર્ષના કૃષ્ણ ચંદ્રદાસ અને અમરોલી સુરત આવાસમાં રહેતા પીયુષ ગોવનભાઈ રાઠોડ (૨૦)ને રંગે હાથે મુસાફરો પાસેથી પથ્થર અને લાકડી મારી મોબાઈલ ફોન પાડી ચીલઝડપ કરતા ઝડપી પાડ્યાં હતા. પોલીસે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી રેલેવ પોલીસે સોંપ્યાં છે.

## સિધ્ધપુરના સુજાણપુરમાં સ્વછતા અભિયાન તેમજ પોષણ માહ ની ઉજવણી



સિધ્ધપુર

આજ રોજ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તેમજ રાષ્ટ્રના નિર્માણ પ્રવૃત્તિઓ કરવામાં આવી જેમાં આજે તારીખ ૧૭-૦૯-૨૦૧૯ ને મંગળવારને રોજ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા "સ્વચ્છ ભારત અભિયાન" ને આગળ ધપાવતા આજે સુજાણપુર ગામે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ગામના લોકોને સ્વચ્છતા જાળવવા તેમજ પ્લાસ્ટિકનો વપરાશ બને એટલો ઓછો કરવા ભલામણ કરી હતી.

તેમજ યુનિવર્સિટી એન. એસ. એસ. ના સ્વયંસેવકો દ્વારા ૧ થી ૩૦ સપ્ટેમ્બરને રાષ્ટ્રીય પોષણ માસ તરીકે ઉજવવામાં આવ્યો હતો.જેના અનુસંધાનમાં આજે રેલીની શરૂઆત યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી ડૉ. રામસિંહ રાજપૂત દ્વારા લીલીઝંડી આપીને કરી હતી. જેમાં સુજાણપુર ગામે લોકોના ઘરે જઈ તેમને પોષણયુક્ત આહાર લેવા માટે આગ્રહ કરવામાં આવ્યો તેમજ જંક ફુડ અને પેકેટનો ઉપયોગ ઘટાડવા માટે અનુરોધ કરવામાં આવ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સાયન્સ ફેકલ્ટીના ડીન ડૉ. ગૌરાંગ ચુડાસમા, કોઓર્ડીનેટર ચેતનસિંહ રાજપૂત, શિવમ ચૌધરી, યુનિવર્સિટીના અધિકારીઓ, પ્રાધ્યાપકો ,મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોએ હાજર રહી સહકાર આપ્યો હતો.



પાટણમાં આજ રોજ માઁ નર્મદા મહોત્સવ અંતર્ગત રાધનપુર શહેર ના વડપાસર તળાવ ખાતે પાટણ જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી શ્રી મયંકભાઈ નાયક તથા રાધનપુરના પૂર્વ ધારાસભ્ય શ્રી અલ્પેશજી ઠાકોર ની વિશેષ ઉપસ્થિતિમાં માઁ નર્મદાનું પૂજન કરવામાં આવ્યું હતુ જેમા ભારતીય જનતા પાર્ટી ના આગેવાનો સહિત વિવિધ સેવાકીય ક્ષેત્રની મહિલા સંસ્થાની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.